₹ ૧૫/-

સુંદર જીવન પ્રતિ

પ્રભુ અર્પણ

ઑક્ટોબર - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

...તમે જે લોકો સાથે હળો મળો છો, તેમાંથી કેટલાકમાં શંકાઓ, સૂચનો, અવસાદ, અદેખાઈઓ, શ્રી માતાજીના કાર્ય પ્રત્યે અસંતોષ એવું એવું ઘણું હોય છે. અને એ લોકો એમનો ઈરાદો ન હોય છતાં તમારા ઉપર એ બધું સહેલાઈથી નાખી શકે છે. આ બધી અસરો વાતાવરણમાં બધે જ રહેલી છે. તમે અમુક આ કે પેલા માણસથી દૂર રહો એટલું જ બસ નથી. તમારે પોતે ખૂબ સાવધાન રહેવું જોઈએ અને તમારી પોતાની અંદર જ તૃપ્ત રહેવું જોઈએ.

શ્રી અરવિન્દ

તમારી શ્રદ્ધાને જો અડગ રાખશો અને તમારા હૃદયને હંમેશાં મારા તરફ ખુલ્લું રાખશો તો તમામ મુશ્કેલીઓ, પછી તે ભલે ગમે તેટલી મોટી હશે તોપણ તમારા વ્યક્તિત્વને એક વધુ પૂર્ણતા તરફ લઈ જવામાં જ મદદ રૂપ બની રહેશે.

શ્રી માતાજી

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ઑક્ટોબર - ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૧૦

અનુક્રમ

સુંદર જીવન પ્રતિ
(સપ્ટેમ્બર, ૨૦૧૭થી ક્રમશઃ)
વિભાગ - ૨

પોતાની જાતમાં શ્રદ્ધા ૬થી ૨૬
હિંમત
વિનમ્રતા
ખંત
ઉદારતા
કૃતજ્ઞતા / કૃપાનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર
ગ્રહણશીલતા
સરળતા

વિભાગ - ૩
સુંદર જીવન : સાધનો

પોતાની જાતને વાર્તા કહેવી ૨૮થી ૩૯
પોતાની જાતનું ગઠન કરવું
એકમાત્ર ઉપાય
જીવનનો હેતુ
સંવાદપૂર્ણ સામૂહિકતા પ્રતિ
સાચી જરૂરિયાત

*

વૃત્ત વિશેષ ૪૦

O beautiful slave of God !
O lasso of my rapture's widening noose,
Become my cord of universal love.

CWSA 34 : 702 **Sri Aurobindo**

સેવ પ્રેમ સદાયે, ઓ પ્રભુ કેરી દાસી સુંદરરૂપિણી !
રાશ મારી બની જા તું વિશ્વવ્યાપક પ્રેમની.
મારા પ્રહર્ષના વ્યાપ્ત થતા પાશ કેરો ફંદો બનેલ ઓ !
અનુ. શ્રી પૂજાલાલ

વિભાગ-૨

સુંદર જીવન : મૂળભૂત આવશ્યકતાઓ

પોતાની જાતમાં શ્રદ્ધા

> **તમને શું એમ નથી લાગતું કે તમે કદરૂપી વસ્તુઓનું પુસ્તકમાં ચિત્ર ન આપો તો પણ આ જગતમાં જોઈએ તેટલી કદરૂપી વસ્તુઓ રહેલી છે? આ વસ્તુ જોઈને મને હંમેશાં આશ્ચર્ય થયેલું છે, હું નાની બાળકી હતી ત્યારે પણ મને એમ લાગતું. જીવન એટલું બધું તો કદરૂપું છે, એટલું બધું તો હલકી, દયાજનક અને કદીક તો ઘૃણાજનક વસ્તુઓથી ભરેલું છે કે પછી વસ્તુઓ જેવી છે તેના કરતાં વધારે કદરૂપી વસ્તુઓ કલ્પવાની શી જરૂર છે?**

તમે જો કોઈ વધારે સુંદર વસ્તુની, સુંદર જીવનની કલ્પના કરો તો એ બાબતમાં કરેલી મહેનત ફળદાયી ગણાય. પરંતુ જે લોકો કદરૂપી વસ્તુઓ લખવામાં આનંદ લેતા હોય છે તેઓ એટલું જ બતાવી આપે છે કે તેઓ આત્મામાં અત્યંત દરિદ્ર છે; એ હંમેશાં આત્માની દરિદ્રતાનું જ લક્ષણ છે. કોઈ નાટકીય ઢબની કે મહાવિપત્તિની અંદર અંત પામતી હોય તેવી વાર્તા લખવા કરતાં, આદિથી અંત સુધી સુંદર હોય એવી વાર્તા કહેવી એ ખૂબ જ અઘરું કામ છે. લેખકોને જો કોઈ સારી રીતે અંત પામતી વાર્તા લખવાનું કહેવામાં આવે તો એવી વાર્તા લખી શકે તેવા લેખકો બહુ નહિ નીકળે. એમનામાં એ માટે પૂરતી કલ્પના જ હોતી નથી. બહુ જ થોડી વાર્તાઓનો અંત આપણને ઊર્ધ્વગામી કરે તે રીતનો હોય છે. લગભગ બધી જ વાર્તાઓનો અંત નિષ્ફળતામાં આવે છે. અને તેનું કારણ બહુ સાદું છે; ઊંચે ચડવું તેના કરતાં નીચે પડવું ઘણું વધારે સહેલું છે. તમારી વાર્તાનો અંત તમે કોઈ મહાન અને ભવ્ય રીતે લાવો. તમારા નાયકને તમે પોતાની જાતથી પર થવાનો પ્રયત્ન કરનાર કોઈ પ્રતિભાશાળી પુરુષ તરીકે ચીતરો, એ કામ ઘણું વિકટ છે. કારણ કે આ કરવા માટે તમારે પોતે એક પ્રતિભાશાળી વ્યક્તિ બનવાની જરૂર રહે છે અને આ વસ્તુ કાંઈ દરેકને મળેલી હોતી નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૪ પૃ. ૧૭૬-૭૭)

*

માનવને પોતાની જાતમાં, પોતાના વિચારોમાં અને પોતાના સામર્થ્યમાં એટલા માટે જ શ્રદ્ધા આપવામાં આવી છે કે જેથી તે મહાન વસ્તુઓ માટે કાર્ય કરે, તેમનું સર્જન કરે તથા તેટલે ઊંચે ચડે અને અંતે આત્માની વેદી પર પોતાના સામર્થ્યને એક ઉમદા આહુતિ તરીકે અર્પણ કરે. ઉપનિષદમાં કહ્યું છે કે : नायमात्मा बलहीनेन लभ्यः એટલે કે કોઈ નિર્બળ માનવ આ આત્માને પામી શકતો નથી. અપંગતા, આપણા બધા જ આત્મ-સંશયને, સિદ્ધિ માટેનાં આપણા સામર્થ્ય માટેની સર્વ શંકાને ઉખેડી નાખવાની છે કારણ કે એ છે નિર્વીર્યતાને

અપાતી ખોટી અનુમતિ, અશક્તિની હવાઈ કલ્પના, અને આત્માની સર્વશક્તિમત્તાનો ઇન્કાર. આપણી હાલની અશક્તિ ભલેને ગમે તેટલી ભારે લાગતી હોય તે છતાં તે શ્રદ્ધાની એક કસોટી માત્ર જ છે, એક તાત્કાલિક મુશ્કેલી માત્ર છે. અને એ અશક્તિના ભાનને વશ થવું એ પૂર્ણયોગના સાધકને માટે તો એક નરી અર્થહીનતા છે, કારણ કે તેનું લક્ષ્ય છે : ખુદ અત્યારે પણ આપણી જાતમાં સુષુપ્ત પડેલી એક પરિપૂર્ણતાનો વિકાસ; કારણ કે માણસ પોતાની જાતમાં જ, પોતાના આત્મામાં જ, દિવ્ય જીવનનું બીજ સાચવી રહેલો છે, તેના યત્નોમાં સફળતાની શક્યતા સમાએલી છે, તેમાં તે છે જ. અને વિજય એ એક નિશ્ચિતતા જ છે, કારણ કે તેની પાછળ એક સર્વ-સમર્થ શક્તિનો સાદ અને હાથ આવી રહેલ છે. તો, સાથે સાથે આ આત્મશ્રદ્ધાને રાજસિક અહંકાર અને આધ્યાત્મિક અભિમાનના જરા સરખા સ્પર્શમાંથી પણ શુદ્ધ કરી નાખવાની છે.

(યોગમાર્ગોનો સમન્વય : ગ્રંથ-૨ પૃ. ૨૮૧-૮૨)

*

મેં હમણાં જ કહ્યું કે આપણે આપણી જાતનું અવલોકન કરવા બેસીએ તો આપણને જણાશે કે આપણે પોતાની જાત પ્રત્યે ખૂબ આત્મલાલન દાખવીએ છીએ. મને લાગે છે કે આપણી પ્રકૃતિમાં રહેલી નાની નાની ભૂલો આપણને આહ્લાદપૂર્ણ લાગે છે અને આપણી સર્વે નિર્બળતાઓને આપણે વ્યાજબી ઠરાવતા રહીએ છીએ. પરંતુ ખરું જોતાં તો, આપણે એમ કહીએ છીએ, કારણકે આપણામાં આપણી પોતાની જાત ઉપર જ વિશ્વાસ નથી હોતો. તમને આ વાત નવાઈભરી લાગે છે?.... હા, તો હું ફરી ફરીને કહીશ કે આપણને આપણી પોતાની જાત ઉપર જ શ્રદ્ધા નથી. આ જાત તે આપણું અત્યારની ક્ષણે જેવું છે તે બાહ્ય ક્ષણભંગુર અને પરિવર્તનશીલ સ્વરૂપ નહિ—એના તરફ તો આપણી દૃષ્ટિ હંમેશાં મીઠી જ રહે છે. પરંતુ આપણે સ્વપ્રયત્ને કરીને જેવા બની શકીએ છીએ તેના ઉપર આપણને વિશ્વાસ નથી. આપણા સાચા, શાશ્વત અને સર્વે પ્રાણીઓમાં વસી રહેલા દિવ્ય સ્વરૂપને જો તેની રીતે કાર્ય કરવા દઈએ, આપણે જો બાળકોની જેમ, એ સ્વરૂપના પરમ પ્રસાદપૂર્ણ અને દીર્ઘદૃષ્ટિવાળા માર્ગદર્શનના દોરમાં આપણી જાતને વહેતી મૂકી દઈએ તો આપણને જે સર્વાંગ સંપૂર્ણ અને આમૂલ રૂપાંતર પ્રાપ્ત થઈ શકે છે તેની ઉપર જ આપણને શ્રદ્ધા નથી.

એટલે આપણે આત્મસંતોષ અને આત્મવિશ્વાસને એક જ વસ્તુ સમજવાનો ગોટાળો નહિ કરીએ....

(શ્રી માતૃવાણી ગ્રંથ-૨ પૃ. ૨૦૨-૦૩)

*

તમે ''પ્રાચીન સમયની વાણી''માં લખ્યું છે કે આપણામાં આત્મ-શ્રદ્ધાની ખામી હોય ત્યારે આપણે આપણી નબળાઈઓને ન્યાયયુક્ત ઠેરવીએ છીએ, આમ આપણે શા માટે કરીએ છીએ ?

ઈહ ! એટલે ! આપણે આપણી નબળાઈઓને ન્યાયી સાબિત કરીએ છીએ ? તે એક

આત્મશ્રદ્ધાની... તે પ્રભુકૃપા આપણે માટે શું કરી શકે છે તેમાં શ્રદ્ધાની ખામી છે. પોતાની નબળાઈઓને ન્યાયી સાબિત કરવી એ એક પ્રકારનો પ્રમાદ અને જડતા છે.

સારુ, જ્યારે માણસને પોતાના મનને સુધારવા માટે પ્રયત્ન કરવો નથી ત્યારે તે કહે છે, ''ઓહ, આ અશક્ય છે. હું તે કરી શકું નહીં, મારામાં તે તાકાત નથી. હું તેવો બનેલો નથી, મારામાં તે પ્રકારના ગુણો નથી. હું તે કદી કરી શકું નહીં.'' આ પૂરેપૂરી આળસ છે. તે જરૂરી પ્રયત્નો ન કરવા માટેનું બહાનું છે. જ્યારે તમને પ્રગતિ કરવા માટે કહેવામાં આવે છે ત્યારે, ''ઓહ ! તે મારી શક્તિ બહારની વાત છે, હું તો સરળ માણસ છું. હું કાંઈ કરી શકું નહિ.'' અને આટલું પૂરતું છે. તે પુષ્કળ પ્રમાદ છે, કોઈ પણ પ્રયત્ન કરવાનો ઇન્કાર છે. વ્યક્તિ એટલા માટે પોતાની ક્ષતિઓ અને અશક્તિઓ સ્વીકારી લે છે કે તેને તેમના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જરૂરી પ્રયત્નો કરવા નથી. વ્યક્તિ કહે છે, ''હું આવો છું અને જુદો બની શકું એવો નથી,'' તે પ્રભુકૃપાને તમારી અંદર કાર્ય કરવા દેવા માટેનો ઇન્કાર છે. તે તમારી પોતાની દુરિચ્છાને વાજબી ઠરાવવાનો પ્રયત્ન છે.

*

એવા લોકો હોય છે જે પોતાના પગ ઉપર ઊભા રહી શકે છે. એ લોકો કોઈ વસ્તુ કરે છે, કારણ એમને લાગતું હોય છે કે એમ કરવું સારું છે. તેઓ સ્વતંત્રપણે ગુરુને સમર્પિત થઈ જાય છે અને એમનું માર્ગદર્શન સ્વીકારે છે. અને સર્વ સમયે એ મુક્ત હિલચાલ હોય છે. બીજા એવા લોકો પણ હોય છે, જે ગુલામ હોય છે. એ લોકો હંમેશાં પોતે જે કરતા હોય છે તેને માટે સામાજિક કે અધિકૃત માન્યતાની ઝંખના ઇચ્છતા હોય છે. કોઈ અધિકારી વ્યક્તિ તેમના કાર્યને માન્યતા આપે ત્યારે જ તેઓ આત્મવિશ્વાસ ધરાવતા હોય છે. આ ગુલામની મનોદશા છે.

(CWM 15 : 261)

*

આત્મ-વિશ્વાસ વગર તમે કદાપિ કશું પણ કરી શકો નહિ... કારણ શરૂઆતનાં ઉત્સુક વર્ષોમાં તમને પાર લઈ જવા તમારી પાસે કશું હોતું નથી. એ સમયમાં એક માત્ર નફો હોય છે આશા, અને એ વર્ષોમાં તમારી શ્રેષ્ઠ માલિકીની વસ્તુ હોય છેઃ અડગ હિંમત અને પોતાની જાતમાં શ્રદ્ધા. (CWSA 1 : 716)

*

સાધકે શક્ય તેટલે અંશે પોતાના મનમાં સ્થિર રાખવાનો ખ્યાલ એ છે કે પોતાનામાં રહેલી શક્તિ એ કોઈ અહંભાવી અર્થમાં એની પોતાની શક્તિ નથી. પણ દિવ્ય વિશ્વવ્યાપી મહાશક્તિની શક્તિ છે. અને તેનો ઉપયોગ કરવા જતાં જે કાંઈ અહંતાને તે વચમાં લાવશે તેથી માત્ર એક મર્યાદા જ ઊભી થશે અને અંતમાં તે એક અંતરાય જ બની રહેશે. આપણી અભીપ્સાની પાછળ રહેલી આ દિવ્ય, વિશ્વવ્યાપી મહાશક્તિનું સામર્થ્ય સર્વે મર્યાદાઓથી પર છે અને જ્યારે જ્યારે તેને સાચી રીતે સાદ કરવામાં આવે છે ત્યારે ત્યારે એ આપણામાં ઊતરી

આવવાનું અને અશક્તિ તથા અંતરાય માત્રનો નાશ કરવાનું તે શક્તિ ચૂકતી નથી; આજે નહિ તો કાલે એ એનો નાશ કરશે જ; અને આપણે ખેલવાના સંગ્રામની સંખ્યા અને સમયનો આધાર, શરૂઆતમાં અને કેટલેક અંશે, એક કરણ તરીકેની આપણી શ્રદ્ધામાં અને યત્નોમાં ભલે રહેલો હોય પણ આખરે તો એ રહેલો છે પૂર્ણ પ્રજ્ઞા-પૂર્વક નિર્ણય લેતા, છુપાઈ બેઠેલા પરમાત્મા પર, આપણા યોગના અધિષ્ઠાતા ઈશ્વર ઉપર. (યોગમાર્ગોનો સમન્વય : ગ્રંથ-૨ પૃ. ૨૮૨)

*

સ્વ-વિકાસ અને આધ્યાત્મિક અભીપ્સા સાધકને પોતાના કર્મોનો સ્વામી બનાવી શકે છે.

શીખવું એ સારું છે, બની રહેવું વધુ સારું છે.

*

હિંમત

તમે પાણીમાં પડી ગયા છો. પણ એ વિશાળ જળરાશિ તમને ગભરાવી મૂકતો નથી. તમે હાથ પગ હલાવવા મંડી પડો છો અને તમારા મનમાં તમને તરવાનું શીખવનાર ઉસ્તાદનો આભાર માનો છો. તમે મોજાં સાથે બાથ ભીડો છો. તમે બચી જાઓ છો. અને એમ તમે એક બહાદુરીનું કામ કરો છો.

તમે ઊંઘી ગયા છો. 'આગ, આગ !' એક બૂમ સંભળાય છે. તમે જાગી પડો છો, પથારીમાંથી કૂદી પડો છો. આગની લાલ લાલ ઝાળો દેખાય છે. તમે ભયભીત નથી થતા. આગના ભડકા, તણખા, ધુમાડો એ બધું વીંધતા વીંધતા તમે નાસી નીકળો છો, તમારી જાતને બચાવી લો છો. એ પણ એક હિંમતભર્યું કામ છે.

થોડા વખત ઉપર ઈંગ્લૅન્ડમાં હું એક બાળકોની શાળા જોવા ગઈ હતી. શાળાનાં બાળકો ત્રણ અને સાતની ઉંમર વચ્ચેનાં હતાં. છોકરા હતા, છોકરીઓ હતી. કોઈ ગૂંથતાં હતાં, કોઈ ચિત્ર કરતાં હતાં, કોઈ વાર્તા સાંભળતાં હતાં તો કોઈ ગાતાં હતાં.

શિક્ષકે મને કહ્યું, 'અમે હવે આગની ખબર આપીશું, આગ લાગેલી તો નથી જ, પણ બાળકોને એમ શીખવવામાં આવ્યું છે કે ભયની ઘંટડી વગાડવામાં આવે કે તરત બધાંએ ઊભા થઈ જવું અને એકદમ બહાર ચાલ્યા જવું.'

પછી શિક્ષકે એક સિસોટી વગાડી, સિસોટીનો અવાજ સાંભળતાં જ બાળકોએ પોતાનાં પુસ્તકો નીચે મૂકી દીધાં, પોતાની પેન્સિલો, સોય દોરા, બધું નીચે મૂકી દીધું અને ઊભા થઈ ગયાં. બીજી વાર સિસોટી વાગતાં, સૌ બાળકો એક પછી એક હારબંધ બહાર ખુલ્લામાં ચાલ્યાં ગયાં. થોડીક જ મિનિટોમાં વર્ગ ખાલી થઈ ગયો. એ નાનાં બાળકો આગના ડરની સામે થવાનું અને બહાદુર બનવાનું શીખ્યાં હતાં.

કહો, તમે તરવા લાગી ગયાં હતાં તે કોના રક્ષણ માટે હતું ? તમે આગના ભડકામાંથી બહાર ધસી ગયાં હતાં તે કોના રક્ષણ માટે હતું ? તમારા પોતાના. પેલાં બાળકોએ આગની બીક સામે લડાઈ કરી હતી તે કોના રક્ષણ માટે હતું ? તેમના પોતાના. આ દરેક બનાવમાં જે હિંમત

બતાવવામાં આવી છે તે પોતાની જાતના રક્ષણ માટેની હિંમત હતી. એમાં કાંઈ ખોટું હતું ખરું? ના, જરાયે નહિ. પોતાના જીવનની સંભાળ રાખવી, પોતાના જીવનનું રક્ષણ કરવાને બહાદુરી બતાવવી એ બરાબર જ છે. પણ આના કરતાં પણ એક વિશેષ મોટા પ્રકારની હિંમત છે. એ હિંમત તે બીજાઓના રક્ષણ માટેની હિંમત છે.

*

'પ્રગતિ ભલે ધીમી હોય, સ્ખલનો ભલે વારંવાર થતાં હોય, છતાં પણ માણસ જો પોતાનો સંકલ્પ હિંમતપૂર્વક ટકાવી રાખે તો એક દિવસ તેનો વિજય ચોક્કસ જ છે. તે જોશે કે ઋત્ચેતનાના પ્રકાશમાં સર્વ મુશ્કેલીઓ ઓગળીને અદૃશ્ય થઈ ગઈ છે.'

(શ્રી માતૃવાણી ગ્રંથ-૪ પૃ. ૬૨)

*

સાચી હિંમત તેના ગહનતમ અર્થમાં આ પ્રકારની હોય છે : જીવનમાં નાનામાં નાની વસ્તુથી માંડીને મોટામાં મોટી વસ્તુનો, ભૌતિક તેમ જ આધ્યાત્મિક વસ્તુનો સામનો કરવા શક્તિમાન થવું, તેમાં જરા પણ ધ્રુજારી થવા દીધા સિવાય, હૃદય જરા પણ વધુ ઝડપથી ધબકારા ન કરે તેવી રીતે, જ્ઞાનતંતુઓ કંપે નહિ તે રીતે, અને અસ્તિત્વના કોઈ પણ ભાગમાં જરા પણ ઉશ્કેરાટ કે લાગણી પેદા થવા દીધા સિવાય દિવ્ય હાજરીની સતત ચેતના સાથે, ભગવાનને પરિપૂર્ણ આત્મ-સમર્પણ કરી દઈને, તે સંકલ્પમાં સમગ્ર અસ્તિત્વને એકત્રિત બનાવીને દરેક વસ્તુનો સામનો કરો. માણસ જીવનમાં પ્રગતિ ત્યારે જ કરી શકે જ્યારે જરા પણ ધ્રુજારી કે આકંપન સિવાય ગમે તેવી પરિસ્થિતિનો તે સામનો કરી શકે. તમે જાણો છો કે આ લાંબા સમય સુધી કરેલા પ્રયાસનું પરિણામ હોય છે, સિવાય કે માણસ ખાસ કૃપા પ્રાપ્ત કરીને જન્મ્યો હોય, જે વધારે વિરલ હોય છે.

ભયનો પરાભવ કરવો, એનો અર્થ એ છે કે અસ્તિત્વનો એક ભાગ બીજા ભાગ કરતાં વધારે બળવાન છે, જેનામાં ભય નથી અને જે પોતાની નિર્ભયતાને ભય પામેલા ભાગ ઉપર બળજબરીથી લાદે છે. પણ તે એમ નથી સૂચવતું કે એક માણસ જેને કોઈ ભય પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું છે જ નહિ તેવા બીજા માણસ કરતાં વધારે હિંમતવાન છે, કારણકે જેને કોઈ ભય પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું છે જ નહિ તેવો માણસ તો સર્વત્ર હિંમતવાન છે, પોતાના અસ્તિત્વના સર્વે ભાગોમાં હિંમતવાન છે. એક એવી નિર્ભયતા, એવી હિંમત હોય છે કે જે અચેતનતામાંથી અને અજ્ઞાનમાંથી જન્મે છે. દા.ત. જોખમો વિશે કશું જ ન જાણનારાં બાળકો એવી વસ્તુઓ કરે છે કે જે વસ્તુઓ જો તેમને જોખમનું જ્ઞાન હોત, તો તેમણે ન કરી હોત. એનો અર્થ એ થયો કે તેમની હિંમત અજ્ઞાનમય છે. પણ સાચી હિંમતમાં વસ્તુનું પરિપૂર્ણ જ્ઞાન હોય છે. બધી શક્યતાઓનું જ્ઞાન હોય છે, અને તે અપવાદ વગર દરેક વસ્તુનો સામનો કરવા તૈયાર હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૭ પૃ. ૩૩)

*

મને યાદ છે કે એક વાર આપણે ધૈર્યને – હિંમતને માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓમાં ગણાવી

હતી. એક વાર સૂચિમાં મેં તેનો સમાવેશ કર્યો હતો, તે મને યાદ છે. પણ આ હિંમતનો અર્થ છે – પરમ સાહસ માટે રસ. તે પરમ સાહસ માટે રસ એ અભીપ્સા છે, જે તમારા પર પરિપૂર્ણ પકડ જમાવે છે અને ગણતરી કર્યા વગર – કશું બાકાત રાખ્યા વગર, પાછા ફરવાની શક્યતા વગર, ભગવાનની શોધ-રૂપી મહાન સાહસમાં ભગવાન સાથેના મિલન-રૂપી મહા-સાહસમાં, ભગવાનના સાક્ષાત્કાર-રૂપી મહત્તર સાહસમાં પોતાને ફેંકે છે. શું થશે ? – એમ એક ક્ષણ માટે પણ તમારી જાતને પૂછ્યા વગર, ડોકું ફેરવીને પાછું જોયા વગર, તમે તમારી જાતને તે સાહસમાં ફેંકી દો છો. કારણ કે શું બનશે ? – એવો પ્રશ્ન જો તમે કરશો, તો તમે કદી શરૂઆત જ નહિ કરી શકો, તમે છો ત્યાં જ ચીટકી રહેશો. કાંઈક ગુમાવી બેસવાનો, સમતુલા ગુમાવી બેસવાનો તમને ભય લગાશે.

તેથી હું હિંમતને અભીપ્સા કહું છું. હિંમત અને અભીપ્સા સાથોસાથ જાય છે. સાચી અભીપ્સામાં હિંમત હોય છે જ. (શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃ. ૩૮)

*

હિંમત અને પ્રેમ એ જ માત્ર અનિવાર્યપણે આવશ્યક ગુણો છે. બાકીના સર્વ ગુણોનો ક્ષય થઈ જાય, એ બધા જડ થઈ જાય તો પણ આ બે (હિંમત અને પ્રેમ) આત્માને જીવતો રાખી શકશે. હિંમત એટલે કોઈ પણ સ્વરૂપે રહેલા ડરનો સંપૂર્ણ અભાવ. (CWM 10 : 281, 282)

*

જેની પણ પાસે હિંમત હોય છે તે અન્યને હિંમત આપી શકે છે, જે રીતે એક મીણબત્તીની જ્યોત અન્ય મીણબત્તીને સળગાવી શકે છે તેમ.

ઉમદામાં ઉમદા હિંમત એ છે પોતાની ભૂલોનો સ્વીકાર કરવો. (CWM 14 : 169-70)

*

All the world's possibilities in man
Are waiting as the tree waits in its seed:
His past lives in him; it drives his future's pace;
His present's acts fashion his coming fate.

CWSA 34 : 482 Sri Aurobindo

*

જે રીતે વૃક્ષના બીજમાં વૃક્ષ સમાયેલું હોય છે એ જ રીતે વિશ્વની સર્વે શક્યતાઓ આપણી અંદર સમાયેલી છે. મનુષ્યનો ભૂતકાળ એની અંદર જ રહેતો હોય છે અને એના ભવિષ્યકાળ પ્રતિ એને દોરી રહ્યો હોય છે. એનો વર્તમાન, (એનાં હાલનાં કર્મ) એના ભવિષ્યનું ઘડતર કરે છે.

ખંત

સૌથી વધારે આવશ્યક ગુણ છે ખંત, સહિષ્ણુતા, અને એક પ્રકારનો આંતર ખુશ-મિજાજ, જે તમને નિરુત્સાહ બનવા દેતો નથી, દિલગીર થવા દેતો નથી, અને સર્વ મુશ્કેલીઓનો સ્મિતપૂર્વક સામનો કરવાનું બળ આપે છે. અંગ્રેજીમાં તેને માટે કોઈ યોગ્ય શબ્દ નથી, પણ આપણે તેને ખુશ-મિજાજ આનંદીપણું કહી શકીએ. જો તમે તેને તમારી અંદર રાખશો, તો તમે તેના પ્રકાશમાં, પ્રગતિમાં અવરોધ કરતી દુષ્ટ અસરો સાથે વધારે સારી રીતે યુદ્ધ કરી શકશો, વધારે સારી રીતે તેમનો પ્રતીકાર કરી શકશો. (શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃ. ૨૧-૨૨)

*

આપણે જીવનમાં એવી આશા રાખવાની નથી કે હંમેશાં બધી વસ્તુઓ આપણને અનુકૂળ પડે એ રીતે જ બનતી રહે. જીવનમાં એક સૌથી વધુ ઉપયોગી વસ્તુ છે ધીરજ રાખી જાણવી. આપણા જીવનમાં રોજને રોજ એવું કૈં પણ બન્યા વિના રહેતું નથી કે જેમાંથી આપણને વધારે ધીરજવાન બનવાનું શીખવાનું ના મળે.

ધારો કે તમારે કોઈ ખૂબ જ પ્રવૃત્તિમાં રહેતા હોય એવા માણસને કોઈ કામને માટે મળવું છે. તમે એને ત્યાં મળવા જાઓ છો ત્યારે ત્યાં કેટલાય માણસો એને મળવા માટે આવેલા હોય છે, એટલે તમારે એને મળવા માટે ખૂબ વખત રાહ જોવી પડે છે. તમે ત્યાં શાંતિથી રાહ જોતા બેસો છો અને એ રાહ કદાચ કલાકો લગી પણ જોવી પડે. આનું નામ ધીરજ કહેવાય.

તો બીજી કોઈ વાર એવું બને છે કે તમે કોઈને ત્યાં મળવા જાઓ છો ત્યારે તે ગેરહાજર હોય છે. એટલે તમે પછી બીજે દિવસે એને ત્યાં જાઓ છો, પણ ત્યારે પણ એનું બારણું બંધ હોય છે. તમે વળી ત્રીજે દિવસે પાછા ત્યાં પહોંચો છો પણ એ દિવસે એ માંદો પડી ગયેલો હોય છે અને તમને તે મળી શકે તેમ હોતું નથી. એ પછી તમે થોડા દિવસ જવા દો છો અને પાછો એના ઘરનો રસ્તો પકડો છો અને આ વખતે પણ જો કોઈ નવી વસ્તુ આવી ચડે અને તમે એ સજ્જનને મળી ન શકો તો તેથી તમે નિરાશ થઈ જતા નથી, પણ જ્યાં સુધી તમે એને મળી શકો નહિ ત્યાં સુધી એને ત્યાં જવાનું ચાલુ જ રાખો છો. આ રીતની જે ધીરજ હોય છે તેને ખંત કહેવામાં આવે છે.

*

જીનિવાનો પ્રખ્યાત ખલાસી કોલમ્બસ સ્પેનના બંદરેથી તે વખતે અણખેડાયેલા રહેલા પશ્ચિમના સાગરની સફરે નીકળ્યો હતો.

એની સફર કેટલાય દિવસો અને અઠવાડિયાંઓ લગી ચાલુ રહી હતી. પછી તો એની સાથેના બધા માણસો નારાજ થઈ વિરોધ પણ કરવા લાગ્યા હતા છતાં એણે પોતે એક નવો દેશ શોધવા માટે જે સંકલ્પ કર્યો હતો તેમાંથી તે લેશ પણ ચલિત નહોતો થયો. એને સફરમાં ખૂબ ખૂબ મુશ્કેલીઓ તેમ જ વિલંબો નડ્યા હતા તો પણ એણે સફર ચાલુ રાખેલી અને આખરે અમેરિકાના કિનારે આવેલા ટાપુઓની પહેલી હરોળમાં પહોંચ્યો હતો. આ રીતે તેણે એક નવો ખંડ શોધી કાઢયો હતો.

તો કોલમ્બસે પોતાના સાથીદારો પાસેથી કઈ વસ્તુની આશા રાખી હતી ? એણે એમને માત્ર એટલું જ કહેલું કે થોડી ધીરજ રાખો. લોકોએ તો એનામાં વિશ્વાસ રાખીને તે તેમને જ્યાં લઈ જાય ત્યાં વિના વિરોધે જવાનું હતું એટલું જ માત્ર કરવાનું હતું. અને કોલમ્બસે પોતાને પણ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કઈ વસ્તુની જરૂર હતી ? એ વસ્તુ હતી એક બળવાન અને અણનમ એવી સંકલ્પશક્તિ. એનું નામ છે ખંત. (શ્રી માતૃવાણી ગ્રંથ-૨ પૃ. ૨૭-૨૮)

*

એટલે, જે સત્યનું તમે દર્શન કર્યું હોય તે કદાપિ તરત જ સિદ્ધ ન થાય તો તમારે અધીરા ન બની જવું; નિરાશ, અવસાદગ્રસ્ત, નિરુત્સાહિત ન બનવું. એ તો કુદરતી છે કે તમારાથી કોઈ ભૂલ થઈ જાય તો પણ એમાં તમારું હૃદય ભાંગી જવાનો અથવા નિરાશ થવાનો કે દુઃખી થવાનો પ્રશ્ન ઊઠવો ન જોઈએ, કારણ કે દરેક પ્રકારની ભૂલને સુધારી શકાય છે; જે ક્ષણે તમને ખબર પડે કે આ વસ્તુ ભૂલભરેલી છે તે જ ક્ષણથી પોતાની અંદર કાર્ય કરવાનો, પ્રગતિ કરવાનો અને ખૂબ પ્રસન્નચિત્ત રહેવાનો અવસર આવી રહે છે. પરંતુ તમે જ્યારે કોઈ સત્યરૂપ, પૂર્ણ અને પાયાના સત્યરૂપ વસ્તુનું દર્શન કરો છો અને વિશ્વની પરિસ્થિતિ એવી જણાય છે કે એ સત્ય સાકાર થવાને માટે પરિપક્વ નથી હોતું ત્યારે એ પરિસ્થિતિ જરા વધુ ગંભીર અને વધુ મુશ્કેલ બને છે. હું એમ નથી કહેવા માગતી કે આ વસ્તુ બહુ લોકોની બાબતમાં બને છે, પરંતુ કદાચ એ તમારી બાબતમાં બને પણ ખરું, અને તો પછી એવે સમયે તમારે ખૂબ ખૂબ ધૈર્ય રાખવું પડશે, ખૂબ જ સમજદારી સાથે વર્તવું પડશે અને પોતાની જાતને કહેવું પડશે કે ''એ વસ્તુ સત્ય તો હતી, પણ પૂર્ણરૂપ સત્ય ન હતી,'' એટલે કે, એ સત્ય બીજા સત્યો સાથે સમન્વયમાં ન હતું અને સૌથી વધુ તો, એનો વર્તમાન શકયતાઓ સાથે મેળ ન હતો; એટલે આપણે એ વસ્તુને વધુ પડતી જલદી સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો હતો અને એ પ્રયત્ન એ પ્રમાણે વધુ પડતો ઝડપી હતો એટલે એ ખરો ન પડ્યો. પરંતુ એ ખરો ન પડ્યો એટલે એ ખોટો હતો એમ ન કહેશો. એને અપરિપક્વ કહેજો, તમે જે કાંઈ કહી શકો તે એટલું જ છે – કે તમને જેનું દર્શન થયેલું એ વસ્તુ સાચી હતી, પણ તેને માટેનો સમય પાક્યો ન હતો, અને તમારે ખૂબ જ ધીરજ અને ખંતપૂર્વક, તમે જે નાનકડા સત્યનાં દર્શન કર્યા હોય તેને બરાબર જાળવી રાખજો અને એને સાકાર કરી શકાય તે ક્ષણની રાહ જોજો.

અને સૌથી વધુ ધીરજવાન હશે તેમનો જ વિજય થશે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૪ પૃ. ૧૩૪)

*

જ્યારે માણસ ચારિત્ર્ય, અંગોનું કાર્ય, અથવા ટેવો જેવી ભૌતિક જીવનની વસ્તુઓને પરિવર્તિત કરવા માગતો હોય છે, ત્યારે તેનામાં અડગ ખંત હોવી જોઈએ, તેણે પહેલી વખતની ઉત્કટતા ફરી સો વખત રાખીને તે જ કાર્યને ફરી શરૂ કરવા તૈયાર રહેવું જોઈએ, જાણે કે તેણે એકકેય વખત તે કાર્ય કર્યું જ ન હોય. (શ્રી માતૃવાણી ગ્રંથ-૭ પૃ. ૧૧૦)

*

ખંત – સફળતા પરત્વેનો નિશ્ચિત માર્ગ. તમારી અંદર ગત વર્ષે તમે જે સિદ્ધ કરી શક્યા ન હતા તે તમે આ વર્ષે કરી શકશો.

*

તમે જે આજે નથી કરી શક્યા તે તમે આવતીકાલે કરી શકશો. ખંત કેળવો અને તમે વિજય પ્રાપ્ત કરશો.

*

ખંત એટલે કાર્યકરત ધીરજ.

*

ખંત કેળવીને વ્યક્તિ મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે, મુશ્કેલીઓથી દૂર ભાગી જઈને નહિ. જે ખંત રાખે છે તે નિશ્ચિત સફળતા પ્રાપ્ત કરે છે. જે લોકો ખૂબ જ ધીરજ રાખે છે તેમને વિજય પ્રાપ્ત થાય છે. તમારાથી બને તેટલું શ્રેષ્ઠ કાર્ય કરો અને પરિણામોની કાળજી પ્રભુ લેશે. (CWM 14 : 162-63)

*

ઈશ્વરીય શક્તિમાં શ્રદ્ધા

શત્રુને ભગાડવાનું ઉત્તમ સાધન તેને જોઈને હસવું એ છે ! દિવસો સુધી તમે તેની સામે ઝઘડો, તેને લપેટમાં લો અને તેમ છતાંય તેનો જુસ્સો લગીરે ઓછો ન જણાય; પણ એક વાર તેની સામે હસો અને જુઓ કે તે કેવો પલાયન કરી જાય છે ! આત્મશ્રદ્ધાયુક્ત એક હાસ્ય અને ભગવાનમાં શ્રદ્ધા મુશ્કેલીઓને અત્યંત છિન્નભિન્ન કરનારું આવશ્યક બળ છે; શત્રુની આગળની હરોળમાં તે ભંગાણ પાડે છે, તેના સૈન્યમાં હાહાકાર મચાવે છે અને તમને વિજયીની અદાથી આગળ ધપાવે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃ. ૧૫૩)

*

જીવનના સર્વે સંજોગોની ગોઠવણી એ રીતે કરવામાં આવી છે કે, જેના દ્વારા આપણને એ શીખવા મળે કે સર્વે કસોટીઓમાંથી પાર ઊતરવા માટે, બધી મર્યાદાઓથી મુક્ત થવા માટે અને ઈશ્વરીય ચેતના સાથે સંપર્ક સાધવા માટે જરૂરી એવી શક્તિ મનથી પરની અવસ્થામાં રહેલી ઈશ્વરકૃપામાં શ્રદ્ધા રાખવાથી પ્રાપ્ત થાય છે.

*

આપણી શક્તિની પાછળ હંમેશાં દિવ્ય શક્તિ પરની શ્રદ્ધા હોવી જ જોઈએ અને જ્યારે એ દિવ્ય શક્તિ પ્રત્યક્ષ થાય ત્યારે એ શ્રદ્ધા તેનામાં વ્યાપી જઈ સંપૂર્ણ બની જવી જોઈએ. સનાતન કાળથી સર્વ કાંઈનું સર્જન કરી રહેલી અને પરમાત્માની સર્વ-શક્તિમત્તાથી સજ્જ બનેલી એ સચેતન મહાશક્તિ અને વિશ્વમય મહાદેવીને માટે કાંઈ જ અશક્ય નથી. બધું જ જ્ઞાન અને સામર્થ્ય અને સફળતા અને વિજય, સર્વે કુશળતા, કારીગીરી અને કાર્ય એના જ હાથમાં છે.

*

અને શક્તિની પાછળ રહેલો છે ઈશ્વર; અને એ ઈશ્વર ઉપરની શ્રદ્ધા એ પૂર્ણયોગની શ્રદ્ધામાં

સાચા વલણ માટેની અભીપ્સા

ઊર્જાવાન, ઇચ્છુક, દૃઢનિશ્ચયી.

શ્રી માતાજીએ આપેલું આ પુષ્પનું આધ્યાત્મિક નામ અને એ વિશે સમજૂતી

Botanical Name : Clerodendrum Xspeciosum

કેન્દ્રસ્થાને છે. આપણે શ્રદ્ધા રાખવાની છે, — અને તેને સંપૂર્ણપણે વિકસાવવાની પણ છે — કે : જે કાંઈ થઈ રહ્યું છે તે એક પરમ આત્મ-જ્ઞાનની અને પ્રજ્ઞાની વિશ્વવ્યાપી શરતો અનુસાર ચાલી રહેલો કર્મ-પ્રવાહ છે; આપણી અંદર કે આપણી આજુબાજુ બની રહેલું કાંઈ પણ અ-ફળ કે અ-સ્થાને કે અર્થ-હીન નથી; જ્યારે, આપણા પરમ આત્મારૂપ ઈશ્વર કર્મોને પોતાના હાથમાં લે છે ત્યારે કાંઈ પણ અશક્ય નથી રહેતું; અને તેણે આજ સુધીમાં જે કાંઈ કર્યું છે અને હવે પછી જે કંઈ કરવાનો છે તે સર્વે તેનાં અચૂક અને દૂરદર્શી માર્ગદર્શનનાં જ અંગરૂપ, તેમ જ આપણા યોગની અને આપણી પરિપૂર્ણતાની અને આપણા જીવન-કાર્યની સફળતા માટે જ હતું અને થશે. આપણી સમક્ષ જેમ જેમ ઊર્ધ્વ જ્ઞાન ખૂલતું જશે, તેમ તેમ આ શ્રદ્ધા વધારે ને વધારે વાજબી ઠરતી જશે, આપણી સાંકડી મનોમયતા જેને ઝડપી નહોતી શકતી તેવા, મોટી અને નાની દરેક બાબતોના આપણને અર્થ સમજાશે; અને શ્રદ્ધા પોતે જ જ્ઞાન બની રહેશે. ત્યારે શંકાનો ઓછાયો સરખો નહિ રહે અને આપણે જોઈશું કે સર્વ કાંઈ એક પરમ સંકલ્પના જ કાર્ય-પ્રવાહમાં બની રહેલું છે અને એ સંકલ્પ પોતે એક પૂર્ણ પ્રજ્ઞા પણ હતો જ, કારણકે તે આત્માનાં અને પ્રકૃતિનાં જીવનમાં હમેશાં સાચાં કર્મો જ વિકસાવી રહ્યો છે. આપણી શ્રદ્ધાની, અનુમતિની, સર્વોચ્ચ અવસ્થા તો ત્યારે આવશે કે જ્યારે આપણને ઈશ્વરની હાજરી પ્રત્યક્ષ થશે. (યોગમાર્ગોનો સમન્વય : ગ્રંથ-૨ પૃ. ૨૮૨-૮૩-૮૪)

*

ઉદારતા :

ઉદાત્તતા અને ઉદારતા એ આત્માનું દિવ્ય આકાશ છે; આ બે સદ્‌ગુણો વિનાનો મનુષ્ય ભોંયરામાંના ક્ષુદ્ર જંતુ જેવો છે. (૨૩૩) શ્રી અરવિન્દ (વિચારરત્નો અને સૂત્રો)

શ્રી માતાજી સમજાવે છે :

ઉદાત્તતા એટલે સર્વે અંગત ગણતરીઓનો ઇનકાર.

ઉદારતા એટલે બીજાઓના સંતોષમાં આપણો પોતાનો સંતોષ પ્રાપ્ત કરી લેવો.

(CWM 10 : 282)

*

બાળક : શ્રી અરવિન્દ અહીં કહે છે કે, ''જે કાંઈ કૃપણ છે... તે તેનું (મહાલક્ષ્મીનું) આગમન પાછું વાળે છે.'' (એજન)

શ્રી માતાજી : હા, કૃપણતા, અનુદાર ભાવ, ઉષ્માહીનતા, વિપુલતાનો અભાવ, આંતર સમૃદ્ધિનો અભાવ; જે કાંઈ શુષ્ક, ચેતનહીન, આત્મ-કેંદ્રિત વલણવાળું હોય છે તે સર્વ મહાલક્ષ્મીનું આગમન થતું અટકાવે છે. એ કાંઈ દુનિયાદારીમાં પૈસા કહેવાય છે તેનો પ્રશ્ન નથી એ સમજી રાખજો ! એ રીતે તો કોઈ અત્યંત પૈસાદાર માણસ પણ મહાલક્ષ્મીની દૃષ્ટિએ અત્યંત ગરીબ હોઈ શકે છે. અને કોઈ ગરીબ માણસ, તેનું હૃદય જો ઉદાર વૃત્તિવાળું હોય તો ઘણો સમૃદ્ધ હોઈ શકે છે....

Thus we draw near to the All-Wonderful
Following his rapture in things as sign and guide;
Beauty is his footprint showing us where he has passed,
Love is his heart-beats' rhythm in mortal breasts,
Happiness the smile on his adorable face.

CWSA 33 : 112 **Sri Aurobindo**

સર્વ–આશ્ચર્યમય ઈશ્વર સમીપ આપણે આ રીતે જઈએ છીએ : વસ્તુમાત્રમાં રહેલા ઈશ્વરના હર્ષને તેની નિશાની અને તેનો ભોમિયો ગણી તેને આપણે અનુસરીએ છીએ. સૌન્દર્ય છે એના પગની નિશાની, જે એનો ગમનમાર્ગ દર્શાવે છે. પ્રેમ છે એના હૃદયની ધબકોનો મર્ત્ય હૃદયોમાં રહેલો લય. સુખ છે પ્રભુના આરાધનાને યોગ્ય મુખ પરનું સ્મિત.

"O Force-compelled, Fate-driven earth-born race, ...

How long will you tread the circling tracks of mind

Around your little self and petty things ?

But not for a changeless littleness were you meant,...

Authors of earth's high change, to you it is given

To cross the dangerous spaces of the soul

And touch the mighty Mother stark awake...

And make of life the million-bodied one...

An epic of hope and failure breaks earth's heart...;

The gods are still too few in mortal forms." (PP. 370-72)

ઊર્ધ્વમાંથી આવતો અવાજ આહ્‌વાન કરે છે : પૃથ્વી પર જન્મેલા, શક્તિના દાબને વશ વર્તન કરનારાઓ, દૈવ વડે હંકારાતા હે ક્ષુદ્ર સાહસિકો તમારી ક્ષુદ્ર જાત તથા તુચ્છ વસ્તુઓ આસપાસ મનનાં ચક્કરોમાં કયાં સુધી ચાલતા રહેશો ? તમારા જીવનનો ઉદ્દેશ આ ન હતો કે પરિવર્તન ન પામતી ક્ષુદ્રતામાં જ તમારે રાચતા રહેવું. ... પૃથ્વીના મહાન પરિવર્તનના પ્રવર્તકો તમને એ કાર્ય સોંપવામાં આવ્યું છે કે આત્માના ભયકારી સ્થાનોને તમે અતિક્રમી જાવ, પૂર્ણ પ્રબુદ્ધ ઓજસ્વી મા ભગવતીનો સ્પર્શ પામો. તમે બહુસ્વરૂપધારી એક સ્વરૂપની સાથે જીવનને એકાકાર કરી શકો છો.

ગરીબ માણસ એટલે જે વ્યક્તિમાં કોઈ ગુણ નથી. જેનામાં કોઈ શક્તિ નથી, કોઈ બળ નથી, કોઈ ઉદારતા નથી, એવી વ્યક્તિ કૃપણ અને દુઃખી હોય છે. તદુપરાંત, વ્યક્તિ જ્યારે ઉદાર હોતી નથી ત્યારે જ દુઃખી હોય છે — જો વ્યક્તિમાં એવો ઉદાર સ્વભાવ હોય કે જે ગણતરી ગણતો રહ્યા વિના આપતો રહે તો તે કદાપિ દુઃખી થતો નથી. કેવળ એવા લોકો કે જેઓ પોતાની જાત પ્રત્યે જ વળી રહેલા હોય છે, જેઓ વસ્તુઓને પોતાની તરફ ખેંચી લાવવા માગે છે — કેવળ એવા લોકો જ દુઃખી થાય છે. પરંતુ જ્યારે વ્યક્તિ પોતાની જાતે ઉદાર ભાવે આપતો રહે છે, આપવામાં ગણતરીના હિસાબ માંડતો નથી, ત્યારે તે કદી, કદાપિ દુઃખી થતો નથી. દુઃખી તો એ હોય જેને કાંઈ લેવું હોય છે, જે આપે છે એને કાંઈ એવું હોતું નથી.

*

હું અહીં સ્થૂલ ઉદારતાની વાત નહિ કરું. એમાં તમે તમારી પાસે જે હોય છે તે સ્વાભાવિક રીતે બીજાને આપતા હો છો. પણ આ સદ્‌ગુણ પણ બહુ લોકોમાં હોતો નથી, કેમ કે તમારી પાસે પૈસો આવે છે ત્યારે તમે ઘણી વાર તો એ પૈસા આપી દેવાનો નહિ પણ તમારી પાસે જ રાખવાનો વિચાર કરતા હો છો. માણસ પાસે જેમ જેમ વધુ સંપત્તિ આવતી જાય છે તેમ તેમ તે ઓછો ઉદાર થતો જાય છે.

પણ હું તો અહીં નૈતિક ઉદારતાની વાત કરવા માગું છું. દાખલા તરીકે, તમારો એક મિત્ર સફળતા મેળવે છે, તો તે વખતે તમને આનંદ થવો જોઈએ. માણસ જ્યારે એક હિંમતનું, નિઃસ્વાર્થનું, કોઈ સરસ ત્યાગનું કાર્ય કરે છે ત્યારે એ કાર્યમાં જ એક એવી સુંદરતા રહેલી હોય છે કે જે તમને આનંદ આપે છે. એટલે આપણે એમ કહી શકીએ કે બીજાઓમાં રહેલી સાચી ઉત્કૃષ્ટતા અને શ્રેષ્ઠતાને ઓળખી શકાય એ છે નૈતિક ઉદારતા.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૪ પૃ. ૩૬-૩૭)

*

આધ્યાત્મિકતા અને નીતિના દૃષ્ટિબિંદુ વચ્ચેના ભેદનું એક ઉદાહરણ આપણે લઈએ. નીતિના સામાન્ય વિચાર પ્રમાણે માણસોના બે વર્ગ પાડવામાં આવે છે, એક ઉદાર અને બીજો લોભી. લોભી માણસને ધિક્કારવામાં આવે છે, તેને દોષપાત્ર ગણવામાં આવે છે; જ્યારે ઉદાર માણસ નિઃસ્વાર્થી તથા સમાજને ઉપયોગી ગણાય છે, તથા તેના સદ્‌ગુણ માટે તેની પ્રશંસા કરવામાં આવે છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ એ બન્ને એક જ સમાન કક્ષા ઉપર રહેલા છે. એકની ઉદારતા અને બીજાની લોભવૃત્તિ એ બન્ને કોઈ ઉચ્ચતર સત્યની, કોઈ મહત્તર દિવ્ય શક્તિની વિકૃતિઓ છે. એક એવી શક્તિ છે, દિવ્ય ચેતનાની એક એવી ગતિ છે, જે પોતાને સર્વત્ર પ્રસરાવે છે, વ્યાપક કરે છે, પોતાની પાસે જે કંઈ શક્તિઓ અને વસ્તુઓ હોય છે તેમને પ્રકૃતિની છેક જડ ભૂમિકાથી માંડી ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિકતા સુધીની સર્વ ભૂમિકાઓ ઉપર છૂટથી વેરે છે. ઉદાર માણસ અને તેની ઉદારતાની પાછળ આ દિવ્ય ગતિનો આવિર્ભાવ કરનાર વિશિષ્ટ કોટિનો આત્મા રહેલો છે. એ વિસ્તારની, મહાન પ્રદાનની શક્તિ છે. હવે એક બીજી પણ શક્તિ છે, દિવ્ય ચેતનાની એક એવી પણ ગતિ છે જે સંગ્રહ કરે છે, સંચય કરે છે. તે

ઊંચી કે નીચી બધી ભૂમિકાઓ ઉપરથી શક્તિઓનો, વસ્તુઓનો, હરકોઈ પ્રકારની સંપત્તિનો સંગ્રહ કરે છે. તમે જે માણસને લોભી કહીને નિંદો છો તે માણસ આ બીજી દિવ્ય ક્રિયાનું કરણ થવા નિર્માયેલો છે. બન્ને જરૂરના છે. વિશ્વની સમગ્ર યોજનામાં બન્નેની જરૂર છે. સંચય કરનારી, એકત્ર કરનારી ક્રિયા, ફેલાવનારી ક્રિયાના કરતાં લેશ પણ ઓછી જરૂરની નથી. અને સાચી રીતે પ્રભુને સમર્પણ કરવામાં આવે તો પ્રભુના દિવ્ય કાર્યમાં એ બંનેનો એકસરખા પ્રમાણમાં એકસરખા મૂલ્યવાળાં કરણો તરીકે ઉપયોગ થઈ શકે છે. પરંતુ જ્યારે તેઓ પ્રભુને સમર્પિત થયેલી નથી હોતી ત્યારે એ બન્ને વૃત્તિઓ અજ્ઞાનના આવેગોથી સંચાલિત થતી હોય છે. એક પોતાનું બધું ચારે તરફ ફેંકી દેવાને પ્રેરાય છે ત્યારે બીજી બધું જ પોતાની પાસે પકડી રાખવાને પ્રેરાય છે. પરંતુ એ બંને તેમની ચેતનાને અજ્ઞાત એવી શક્તિઓ દ્વારા જ પ્રેરાતી હોય છે. અને એ બેમાંથી એકેને પસંદગી આપવા જેવી નથી. યોગના ઉચ્ચતર દૃષ્ટિબિંદુથી આપણે પેલા બહુ પ્રશંસા પામેલા ઉદાર માણસને કહી શકીએ, ‘ઉદારતાના તારા સર્વ ભાવોનું મૂલ્ય આત્માની દૃષ્ટિએ શૂન્ય છે, કારણ કે તે ભાવો અહંમાંથી અને અજ્ઞાન કામનામાંથી ઉદ્ભવે છે.’ બીજી બાજુએ, લોભી ગણાતા માણસોમાં પણ કોઈ વાર એવો માણસ મળી આવે છે જે પોતાની પ્રકૃતિથી પ્રેરાઈને એક શાંત અને એકાગ્ર નિશ્ચયપૂર્વક સંચય અને સંગ્રહ કર્યે જતો હોય છે. એક વાર જો તે જાગ્રત થઈ જાય તો તે પણ પ્રભુનું એક ઉત્તમ કરણ બની શકે. પરંતુ તેનાથી ઊલટી પ્રકૃતિના ઉદાર માણસ પેઠે લોભી પણ સામાન્ય રીતે અહંતા અને કામનાથી પ્રેરાઈને જ વર્તતો હોય છે. એક જ અજ્ઞાનનો એ બીજો છેડો છે. એ બંનેએ પોતાની પાછળ આવી રહેલા દિવ્ય તત્ત્વને પામવું હોય અને પોતાની પ્રકૃતિ અનુસાર તેને પ્રકટ કરવું હોય તો તે માટે બંનેએ પોતપોતાની શુદ્ધિ તથા રૂપાંતર કરવાં પડશે.

એ જ પ્રમાણે તમે બીજા પ્રકારના સ્વભાવોને લઈને તેમનું મૂળ પ્રભુની કોક દિવ્ય શકિતના કાર્યમાં શોધી શકશો. પ્રત્યેક સ્વભાવ પ્રભુએ સર્જવા ધારેલી વસ્તુનું એક લઘુ રૂપ, વિકૃત રૂપ છે, એક વિશેષ આધ્યાત્મિક મૂલ્યવાળી વસ્તુનું મન અને પ્રાણ દ્વારા સધાયેલું વિકારી સ્વરૂપ છે. આ વિકાર ચૈતન્યની ક્રિયામાં આવી જતા કોઈ અજ્ઞાનમય સ્ખલનને લીધે જન્મે છે, એક વાર જો એ અજ્ઞાનને વશ કરવામાં આવે, સાચું વલણ લઈ શકાય અને સત્યનો સાચો માર્ગ જડી આવે તો પછી આ બધા પદાર્થોની અંદર રહેલા દિવ્ય તત્ત્વનું દર્શન થાય છે. પ્રત્યેક પદાર્થનું અસ્તિત્વ તેની અંદર રહેલા સત્યને બળે સહેતુક બની રહે છે, પ્રભુના દિવ્ય આવિર્ભાવમાં બધા પદાર્થો જુદી જુદી રીતે છતાં એકસરખા મહત્ત્વનાં, એકસરખા ઉપયોગનાં અનિવાર્ય કરણો બની રહે છે.
(શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃ. ૧૩૨-૩૪)

*

કૃતજ્ઞતા

પણ ભક્તિની સાથે સતત એક બીજી ગતિ હોવી જોઈએ. ભગવાન છે — એ જાતની આભારની લાગણી. ભગવાન છે — તે હકીકત માત્રથી હૃદયને ભવ્ય આનંદથી ભરી દેતી

ભાવના, અદ્‌ભુત આભારની લાગણી. વિશ્વમાં ભગવાન જેવી કોઈક વસ્તુ છે, જે આપણે જોઈએ છીએ તે ભીષણતા જ માત્ર નથી. જ્યારે જ્યારે તમે સીધી અથવા આડકતરી રીતે, તમારી જાતને ભગવાનના સંપર્કમાં મૂકો છો, ત્યારે ત્યારે તમારું હૃદય ઉત્કટ, અદ્‌ભુત આનંદથી, બધી વસ્તુઓ કરતાં શ્રેષ્ઠ રસવાળી આભારની લાગણીથી ઉભરાઈ જાય છે.

આભારવૃત્તિ જેવો આનંદ આપે છે તેવો આનંદ બીજી કોઈ વસ્તુ આપી શકતી નથી. માણસ પંખીને ગાતું સાંભળે છે, સુંદર પુષ્પને જુએ છે, નાના બાળક તરફ નજર ફેંકે છે, કોઈ ઉદારતાના કૃત્યનું અવલોકન કરે છે, કોઈ સુંદર વાક્ય વાંચે છે, આથમતા સૂર્યને નિહાળે છે, ત્યારે તમારામાં ઓચિંતી એક ગહન, ઉત્કટ લાગણી પેદા થાય છે કે જગત ભગવાનને પ્રગટ કરી રહ્યું છે, જગતની પીઠમાં ભગવાન રહેલા છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃ. ૩૭)

*

ઘણા ઓછા માણસો, બહુ ઓછા, બિલકુલ નજીવી સંખ્યામાં લોકો સાચી ધાર્મિક ભાવનાથી દેવળોમાં કે મંદિરમાં જાય છે, એટલે કે પ્રાર્થના કરીને દેવ પાસેથી કંઈ લેવા માટે નહિ પણ પોતાની જાતનું અર્પણ કરવા, આભાર માનવા, અભીપ્સા કરવા અથવા પોતાની જાતનું સમર્પણ કરવા માટે. લાખોમાંથી ભાગ્યે જ એકાદ આ પ્રકારની વ્યક્તિ હશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ. ૧૮૮)

*

પ્રભુકૃપાનો કૃતજ્ઞતાથી સ્વીકાર કરવા માટે કઈ રીત છે ?

આહ ! પ્રથમ તો તમારે તેની જરૂરિયાત અનુભવવી જોઈએ.

આ સૌથી અગત્યનો મુદ્દો છે. તેમાં તમારામાં એક પ્રકારની આંતરિક નમ્રતા હોવી જોઈએ, જે તમને પ્રભુકૃપા વગર તમારી નિર્બળતા વિશે સભાન બનાવે કે, ખરેખર તેના વગર તમે અપૂર્ણ અને શક્તિવિહીન છો. પ્રથમ આ વસ્તુથી શરૂઆત કરવી જોઈએ.

આ એક અનુભવ છે જે દરેકને સારી રીતે થઈ શકે છે. જ્યારે તમે જુઓ કે એવા માણસો જે કાંઈ પણ જાણતા નથી અને કોઈ ખૂબ મુશ્કેલ પરિસ્થિતિઓમાં અથવા પ્રશ્નોમાં, જેનો ઉકેલ લાવવો જોઈએ તેવામાં પડેલા હોય છે. મેં તમને હમણાં જ કહ્યું તે પ્રમાણે એક આવેગમાં જેના ઉપર વિજય મેળવવાનો હોય છે અથવા કોઈક એવી વસ્તુ જેણે તેમને અસ્તવ્યસ્ત કર્યાં હોય છે... અને પછીથી તેઓ એમ અનુભવે છે કે તેઓ ખુવાર થઈ ગયેલા છે, તેઓ જાણતા નથી કે શું કરવું-તેમનું મન કે તેમની ઇચ્છાશક્તિ કે તેમની લાગણીઓ કોઈ પણ તેમને સહાય કરતાં નથી — અને તેઓ જાણતા નથી કે શું કરવું, તે વખતે તે બની આવે છે; તેમની અંદર કાંઈક છે, એક પ્રકારનો પુકાર, કોઈક વસ્તુ, પ્રભુનું આહ્‌વાન, જે વસ્તુ પોતે કરી શકે તેમ નથી, તે પેલી વસ્તુ કરી શકે છે. પોતે ન કરી શકે માટે અભીપ્સા કરે છે. માણસ પોતે જે વસ્તુ કરવા શક્તિમાન નથી તેને માટે જે શક્તિમાન છે તેના પ્રત્યે અભીપ્સા કરે છે.

આ પ્રથમ શરત છે. અને પછીથી જો તમે સભાન બનો કે ફક્ત ઈશ્વરકૃપા તે કરી શકે, જે

સ્થિતિમાં તમારી જાત મુકાયેલી છે, તેમાંથી ફક્ત પ્રભુકૃપા જ તમને બહાર લાવી શકે તેમ છે, તમને ઉકેલ આપી શકે તેમ છે અને તમને બહાર નીકળવા માટેનું બળ આપી શકે તેમ છે તો પછી સ્વાભાવિક રીતે જ તમારી અંદર એક તીવ્ર અભીપ્સા જાગ્રત થાય છે, એક ચેતના જેને લઈને તમારી અંદર ખુલ્લાપણું થાય છે. જો તમે પુકાર કરો, અભીપ્સા કરો, અને જો તમને પ્રત્યુત્તર મળવાની આશા હોય, તો ખરેખર સ્વાભાવિક રીતે જ તમે તમારી જાતને પ્રભુકૃપા પ્રત્યે ખુલ્લી કરશો.

અને પછીથી – તમારે આ વસ્તુ પ્રત્યે ખૂબ ધ્યાન આપવું પડશે. (માતાજી પોતાના હોઠ પર આંગળી મૂકે છે) – પ્રભુકૃપા તમને ઉત્તર આપશે, દિવ્યકૃપા તમને તકલીફમાંથી બહાર ખેંચી કાઢશે. તે કૃપા તમારા પ્રશ્નનો ઉકેલ આપશે. અથવા તમારી મુશ્કેલીઓમાંથી બહાર કાઢવા માટે સહાયરૂપ નીવડશે. પરંતુ એક વખત તમે મુશ્કેલીઓમાંથી મુક્ત બનો, અને તમારી મુશ્કેલીઓમાંથી બહાર નીકળી જાવ, તો ભૂલશો નહીં કે પ્રભુકૃપાએ તમને તેમાંથી બહાર ઉપાડી લીધા છે, અને એવો વિચાર ન કરશો કે તમે પોતે તેમ કરી શક્યા છો, કારણ કે આ ખરેખર સૌથી અગત્યનો મુદ્દો છે. મોટાભાગના લોકો જેવી મુશ્કેલી ચાલી જાય છે કે તરત જ કહે છે, ''છેવટે મારી જાતને મુશ્કેલીમાંથી બહુ સારી રીતે બહાર ખેંચી લીધી.''

તો તમે તે સ્થિતિમાં છો અને પછીથી તમે સાંકળ મારીને તાળું મારો છો, અને તમે હવે પછી કાંઈ પણ ગ્રહણ કરી શકશો નહીં. તમારે ફરીથી કોઈક તીવ્ર વેદનાની ભયંકર ઉપાધિની જરૂર છે જેથી આવી મૂર્ખતા ચાલી જાય અને તમને ભાન આવે કે તમે પોતે કાંઈ જ નથી કારણ કે, જ્યારે તમને એવું ભાન આવવાની શરૂઆત થાય કે તમે પોતે શક્તિવિહીન છો ત્યારે જ તમે થોડા ખુલ્લા અને નમનીય બનવાની શરૂઆત કરો છો. પરંતુ જ્યાં સુધી તમે એમ વિચારો છો કે તમે જે કાંઈ કરો છો તે તમારી પોતાની કુશળતા ઉપર આધાર રાખે છે. તમારી પોતાની શક્તિ ઉપર, તો ખરેખર તમે બારણું બંધ કરો છો એટલું જ નહીં, પરંતુ તમે સમજો કે તમે ઘણાં બારણાંઓને એકબીજા ઉપર બંધ કરીને તે બધાં ઉપર સાંકળ લગાવો છો. તમે તમારી જાતને એક કિલ્લામાં કેદ કરો છો. અને ત્યાં કોઈ પણ વસ્તુ પ્રવેશ કરી શકશે નહીં, આ એક મોટી ખામી છે, માણસ બહુ ઝડપથી ભૂલી જાય છે. બિલકુલ કુદરતી રીતે જ વ્યક્તિ પોતાની શક્તિથી જ સંતોષ અનુભવે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ. ૩૧૧)

*

ગ્રહણશીલતા

ચેતનાના વિસ્તૃતીકરણથી અને એકલક્ષી અભીપ્સા દ્વારા ગ્રહણશીલતા વધતી જતી હોય છે. (CWM 14 : 147)

*

એમ કહેવામાં આવે કે પૂર્ણતા સિદ્ધ કરી લેવામાં આવી છે, એ અલબત્ત ક્રમિક જ હોય છે, ખાસ કરીને નીચેની ગ્રહણશીલતા ઊર્ધ્વમાંથી આવિર્ભાવ પામવા માગતી શક્તિના સપ્રમાણમાં હોય છે ત્યારે એમ થતું હોય છે. (CWM 15 : 78)

*

માતાજી, ગ્રહણશીલતા કઈ વસ્તુ પર આધાર રાખે છે ?

સૌથી પ્રથમ તો તે દિલની સચ્ચાઈ ઉપર આધાર રાખે છે. વ્યક્તિને ખરેખર ગ્રહણ કરવું છે કે કેમ ? અને બીજું એક.... હા, હું માનું છું કે તેનાં મુખ્ય તત્ત્વો છે હૃદયની સચ્ચાઈ અને નમ્રતા. તમને દંભ જેવી કોઈ વસ્તુ બંધ કરી દેતી નથી. જ્યારે તમે આત્મસંતોષી બનો છો, ત્યારે તમારામાં એક પ્રકારનું મિથ્યાભિમાન આવે છે કે તમારામાં જે ખામી હોય, તમે જે ભૂલો કરો, તમારામાં અપૂર્ણતા હોય, તમારામાં ન્યૂનતા હોય તો તે બધું કબૂલ કરવા તમે તૈયાર નથી. તમારી પ્રકૃતિમાં એવું કાંઈક છે, તમે જાણો છો, કે તે આ રીતે અક્કડ બનતું જાય છે, જેને કબૂલાત કરવી નથી. અને આ વસ્તુ તમને ગ્રહણશીલ બનવામાં બાધારૂપ હોય છે. તમારે આ વસ્તુનો તમારી જાતે પ્રયત્ન કરવો જોઈએ, અનુભવ મેળવવો જોઈએ. જો તમે એકાદ પ્રયત્ન દ્વારા તમારી જાતના એક નાનકડા ભાગને પણ એટલું કબૂલ કરાવી શકો, — ''અરે, ખરેખર મારી ભૂલ થઈ, મારે તેવા ન બનવું જોઈએ, મારે તે ન કરવું જોઈએ, અને તેના વિશે લગાડવું ન જોઈએ, હા, તે ભૂલ છે.'' જો તમે તેની પાસે કબૂલ કરાવો — મેં પહેલાં કહ્યું તે પ્રમાણે, ત્યારે તે તમને દુઃખી કરવાની શરૂઆત કરે છે, પણ જો તમે મક્કમ રહો, જ્યાં સુધી તેની કબૂલાત થાય ત્યાં સુધી, તો તાત્કાલિક તે ખુલ્લું થાય છે — તે ખુલ્લું બને છે અને નવાઈની રીતે એક પ્રકાશનું પૂર તેમાં ઊતરે છે અને પછી તમને ખૂબ આનંદ આવે છે. અને તમે એટલા બધા ખુશ થાઓ છો અને તમારી જાતને પૂછો છો, ''શા માટે મારી મૂર્ખાઈથી આટલો બધો લાંબો સમય મેં તેનો પ્રતિકાર કર્યો ?''

(શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ. ૧૧૫)

પૂર્ણ સરળતા

સરળતા, જે પૂર્ણ સત્યનિષ્ઠામાંથી આવી મળે છે

શ્રી માતાજીએ આપેલું આ પુષ્પનું આધ્યાત્મિક નામ અને એ વિશે સમજૂતી

Botanical Name : Vi!adinia triloba Creeping daisy

સરળતા

સાચે જ છાપ એવી પડે છે કે મનુષ્યની મનોવૃત્તિ તે યુગ પછી વિકસી છે. વિચાર વધુ સંકુલ બન્યો છે, મનોવિજ્ઞાન વધુ ગંભીર થયું છે અને તે એટલી હદ સુધી કે આ દલીલો લગભગ બાલિશ લાગે છે. પરંતુ જ્યારે આપણે તેનો અમલ કરવા પ્રયત્નશીલ થઈએ છીએ ત્યારે આપણને જણાય છે કે આપણે પ્રાયઃ એ જ ભૂમિકા પર રહ્યા છીએ; અને જો વિચારમાં પ્રગતિ થઈ હોય તો, આચાર વધુ સારો થવાને બદલે નીચલા સ્તર પર ઊતરી ગયો જણાય છે. અને અહીંયાં આપણને એક બાળકના જેવી સરળતા, કંઈક પ્રમાણમાં સ્વસ્થ જણાય છે, — દુર્ભાગ્યે માનવજાતિએ ગુમાવેલી એવી વિકૃતિની ગેરહાજરી જણાય છે.

એ સમયે એક પ્રકારની નૈતિક સ્વસ્થતા હતી, જે અત્યારે સાવ અદશ્ય થઈ ગઈ છે. આ દલીલો આપણામાં હાસ્ય સ્ફુરાવે છે, પણ અહીં જણાવેલા ઉપદેશનો અમલ તે સમયના કરતાં ઘણો બધો મુશ્કેલ છે. માનવનું મન એક પ્રકારના દંભથી, ઢોંગથી, સૂક્ષ્મ છળકપટથી ઘેરાઈ ગયું છે, — ખાસ કરીને તેના થવાની ક્રિયા. માણસો અત્યંત કઢંગી રીતે પોતાને છેતરવાનું શીખ્યા છે.

તે સમયે કહી શકાત : ''કોઈને ઈજા કરો નહિ, તમને દંડ થશે.'' હૃદયો ભોળાં હતાં, મન ખુલ્લાં હતાં. કહેતાં : ''હા, ઈજા કરવી એ સારું નહિ, કારણ કે મને દંડ થશે.'' પણ અત્યારે કંઈક કટાક્ષભર્યું સ્મિત કરીને કહેશે : ''અરે, દંડમાંથી છૂટવા હું કોઈક રસ્તો ચોક્કસ શોધી કાઢીશ.''

મનની ગ્રહણશક્તિ વધી જણાય છે, મનની શક્તિનો વિકાસ થયો જણાય છે, માણસો વિચારોની સાથે રમત રમવામાં વધુ શક્તિશાળી થયા લાગે છે, બધા સિદ્ધાન્તો પર માનસિક કાબૂ ધરાવતા થયા છે; પરંતુ આની સાથે સાથે જેઓ પ્રકૃતિની વધુ નિકટમાં રહેતા હતા અને વિચારોની સાથે ખેલવાનું ઓછું જાણતા હતા, એવા લોકોએ સરળતા તેમ જ સ્વસ્થ સાલસતા ગુમાવ્યાં છે. આમ માનવજાતિ સમગ્રપણે એક વધુ ભયંકર વળાંક લેતા બિંદુ પર આવી પહોંચી છે. સર્વત્ર જોવામાં આવતા ભ્રષ્ટાચારનો ઉપાય શોધવા જેઓ મથામણ કરી રહ્યા છે તેઓ ભૂતકાળની સદાઈ તરફ પાછા વળવા ઉપદેશે છે. પણ, ખરું જોતાં, એ તદ્દન અશક્ય છે. તમે પાછા જઈ શકો નહીં.

આપણે આગળ વધવું જોઈશે, પ્રગતિ કરવી પડશે, વધુ ઊંચાણો ચડવાં પડશે, આમોદપ્રમોદ અને અંગત ભલાની શુષ્ક શોધથી પર થવું જોઈશે, — અને તે દંડના ભયથી નહિ, મૃત્યુ પછીના દંડથી પણ નહિ; પરંતુ સૌંદર્યની એક નવીન ભાવનાના વિકાસથી, સત્ય અને પ્રકાશની ઝંખનાથી. સાથે સાથે એ સમજ કેળવવી પડશે કે માત્ર પોતાને વિશાળ બનાવ્યાથી, પ્રકાશિત થવાથી, પ્રગતિનો જુસ્સો જ્વલંત રાખીને તમે પૂર્ણ શાંતિ અને શાશ્વત સુખ એમ બંને પામી શકશો.

આપણે જાગવું જોઈશે, વિશાળ થવું જોઈશે — ઊઠો... અને વિશાળ થાઓ.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃ. ૨૫૫-૫૬)

*

હકીકતમાં શારીરિક પુરુષમાં એક સરળતા અને શુભ ભાવના હોય છે (જે કાયમ ઘણી પ્રકાશિત હોતી નથી) તેનાથી ઊલટી પણ, પણ તેમ છતાં એક સરળતા અને શુભ ભાવના હોય છે, જે પ્રાણના આવેગો અને મનના દંભો કરતાં, તેને ચૈત્ય પુરુષના વધારે ગાઢ સંબંધમાં મૂકી આપે છે. અને કદાચ એટલા માટે જ બાળકોમાં ચૈત્ય પુરુષ વધારે સરળતા અનુભવી શકે છે. કારણ કે બાળકો માનસિક અને પ્રાણમય વિરોધોમાં સતત અથડાઅથડી ઓછી કરતાં હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ. ૫-૬)

*

આવિર્ભાવની પાછળથી જ્યારે પ્રયત્ન માત્ર ચાલ્યો જાય છે ત્યારે તે એક ઘણી સરળ વસ્તુ બની જાય છે, એક ફૂલ ખીલી રહ્યું હોય, પોતાની સુંદરતા પ્રગટ કરી રહ્યું હોય અને કશા કોલાહલ વિના કે ઉગ્ર ચેષ્ટા વિના પોતાની સૌરભ ફેલાવી રહ્યું હોય એના જેવી સરળતાપૂર્વક એ વસ્તુ બને છે. અને આ સરળતામાં મહાનમાં મહાન શક્તિ રહેલી છે, એ ઓછામાં ઓછા મિશ્રણવાળી હોય છે અને હાનિ કરે તેવા પ્રત્યાઘાતો ઓછામાં ઓછા ઉત્પન્ન થવા દે છે...

સરળતા, સરળતા ! તારા સાંનિધ્યની નિર્મળતા કેવી તો મધુર છે !....

(શ્રી માતાજી ૬૪ પ્રાર્થનાઓ અને ધ્યાન, પૃ. ૩૭)

*

ઉદાર હૃદય હંમેશાં ભૂતકાળના અપરાધોને ભૂલી જાય છે અને સંવાદિતા પુનઃ પ્રસ્થાપિત કરવા માટે તે હંમેશાં તૈયારી દર્શાવે છે.

ભૂતકાળમાં જે કંઈ કાળું, જે કંઈ વિરૂપ હતું તે સર્વને આપણે ભૂલી જઈએ. ઝળહળતા ભવિષ્યનો સ્વીકાર કરવા આપણી જાતને તૈયાર કરવા માટે આપણે આમ કરવાનું છે.

(CWM 17 : 357)

*

''વિશ્વ મહાન પરિવર્તન માટે તૈયારી કરી રહ્યું છે. આપ મદદ કરશો ?''

પ્રશ્ન : ક્યા મહાન પરિવર્તન માટે વિશ્વ તૈયારી કરી રહ્યું છે ?

ચેતનાના પરિવર્તન માટે. અને આપણી ચેતના જ્યારે પરિવર્તન પામશે ત્યારે આપણે જાણીશું કે એ પરિવર્તન શું છે.

પ્રશ્ન : એ પરિવર્તન થઈ આવે તેને માટે વ્યક્તિ કેવી રીતે મદદ કરી શકે ?

એ પરિવર્તન થઈ આવે તે માટે આપણી મદદની જરૂર એને નથી. પરંતુ આપણી જાતને એ ચેતના પરત્વે ખુલ્લી કરવાની જરૂર આપણને છે, જેથી કરીને એ ચેતનાનું આગમન આપણે માટે વ્યર્થ પુરવાર ન થાય.

(CWM 12 : 310)

*

A lost world-rapture lingers in her eyes,
Her moods are faces of the Infinite:
Beauty and happiness are her native right,
And endless Bliss is her eternal home.
CWSA 33 : 118 Sri Aurobindo

એની આંખોમાં વિશ્વાનંદનું તેજ રહેલું છે, જે ભૌતિક વિશ્વમાં લુપ્ત થયેલું છે. એની ચિત્તવૃત્તિઓ અનંતની અવસ્થાઓ રૂપ છે. સૌન્દર્ય અને સુખાવસ્થાઓ એના જન્મસિદ્ધ હકો છે. અને એનું શાશ્વત ધામ છે : અનંત મહાસુખ.

A world of lovelier forms lies near to ours,
Where, undisguised by earth's deforming sight,
All shapes are beautiful and all things true.

CWSA 33 : 103 Sri Aurobindo

આપણી સૃષ્ટિની નજીક અન્ય એક સૃષ્ટિ આવેલી છે. એ સૃષ્ટિમાં પાર્થિવ દૃષ્ટિનાં વિરૂપ કરી દેતાં, છદ્મવેશથી મુક્ત એવાં રમ્ય રૂપો છે; જે વધુ સુંદર છે. એ સૃષ્ટિમાંની સર્વ વસ્તુઓ સાચી છે.

વિભાગ-૩

સુંદર જીવન : સાધનો

પોતાની જાતને વાર્તાઓ કહેવી

આહ ! કેટલાંક બાળકોને આ કેમ કરવું તે આવડતું હોય છે; તેઓ પોતાનાં સ્વપ્નોને ચાલુ રાખે છે. દરેક રાતે, જ્યારે તેઓ સૂઈ જાય છે ત્યારે તેઓ તે જ સ્થાને પાછાં જાય છે અને પોતાના સ્વપ્નને ચાલુ રાખે છે.

જ્યારે હું બાળક હતો, ત્યારે મને પણ તેમ કરવાની ટેવ હતી.

તમે હવે બાળક રહ્યા નથી, એ એક કરુણ ઘટના છે !

કારણ કે તે વખતે મારે બીજાં કામોમાં ગૂંથાયેલા રહેવું પડતું ન હતું.

ઠીક, ફરી એક વાર બાળક બની જાઓ. અને તમને ફરી તે કેમ કરવું તે આવડી જાય.

આના કરતાં વધારે રસપ્રદ બીજું કશું જ નથી. રાત્રિઓ ગાળવાનો તે સૌથી વધારે આનંદ-દાયક પ્રકાર છે. તમે એક વાર્તા શરૂ કરો છો, જ્યારે જાગવાનો સમય થાય, ત્યારે તમે છેલ્લા વાક્ય આગળ પૂર્ણ-વિરામ મૂકો છો અને તમારા શરીરમાં પાછા આવો છો. બીજી રાત તમે ફરી ત્યાંથી શરૂઆત કરો છો, તે જ પૃષ્ઠ ફરી ઉઘાડો છો, તમે બહાર હો તે બધો સમય તે વાર્તાને ચાલુ કરો છો; પછી તમે વસ્તુઓને બરાબર ગોઠવો છો; તે વાર્તા સુવ્યવસ્થિત હોવી જોઈએ, સુંદર હોવી જોઈએ. જ્યારે પાછા આવવાનો, જાગવાનો સમય થાય છે ત્યારે તમે ફરી પૂર્ણ-વિરામ મૂકો છો અને તે વસ્તુઓને કહો છો કે હું પાછો આવું ત્યાં સુધી શાન્ત રહેજો ! પછી તમે તમારા શરીરમાં પાછા આવો છો. તમે રોજ રાતે તે ચાલુ રાખો છો અને જાગ્યા પછી તમે તે વસ્તુઓને યાદ રાખી શકો, તો પરી-કથાઓનું એક સુંદર પુસ્તક તમે લખી નાંખો છો.

પણ આમાં દિવસ દરમિયાન શાન્ત સ્થિતિમાં હોવાની જરૂર છે, નહિ વારુ ?

ના, તેનો આધાર બાળકની સરળતા પર હોય છે, તે જે બને તેના પર વિશ્વાસ રાખવા પર હોય છે, મનની સમાલોચક વૃત્તિના અભાવ પર હોય છે, હૃદયની સરળતા પર હોય છે, યૌવનમય સક્રિય શક્તિ પર હોય છે, એક પ્રકારની આંતર પ્રાણિક ઉદારતા પર હોય છે. માણસે બહુ અહંતાપૂર્ણ ન હોવું જોઈએ, બહુ કંજૂસ ન હોવું જોઈએ, વધારે પડતા વ્યવહારુ ન હોવું જોઈએ, વધારે પડતા ઉપયોગિતાવાદી ન હોવું જોઈએ, જેમ બાળકમાં હોય છે તેમ એવી અનેક વસ્તુઓથી મુક્ત હોવું જોઈએ. પછી માણસમાં ચપળ કલ્પના-શક્તિ હોવી જોઈએ — હું તમને મૂર્ખાઈભરેલી વસ્તુઓ કહેતી લાગું, પણ તે તદ્દન સાચી છે. એક એવું જગત છે, જેમાં તમે રૂપોના પરમ વિધાતા—નિર્માણકાર છો; તે તમારું પોતાનું ખાસ પ્રાણિક જગત છે, ત્યાં તમે પરમ નિર્માતા છો; અને જો તમને તેનો ઉપયોગ કરતાં આવડે, તો તમે અદ્‌ભુત કૃતિ સર્જી શકો. જો તમારામાં કલાકારની અથવા કવિની ચેતના હોય, જો તમે

સંવાદિતાને—સૌન્દર્યને ચાહતા હો, તો તમે કોઈક અદ્ભુત ઈમારતનું ચણતર ત્યાં કરી શકશો, જે ભૌતિક આવિર્ભાવમાં પ્રગટ થવાનું વલણ અખત્યાર કરશે.

જ્યારે હું નાની હતી, ત્યારે આને હું ''પોતાની જાતને વાર્તાઓ કહેવાનું'' કહેતી. તે કથન પોતાના મસ્તિષ્કમાં રહેલા શબ્દો વડે કરવાનું હોતું નથી. એ તો આ તાજા અને વિશુદ્ધ સ્થાન માં ચાલ્યા જવાની અને ત્યાં એક અદ્ભુત વાર્તાનું નિર્માણ કરવાની વાત છે. જો તમારી જાતને આ રીતે વાર્તા કહેતાં તમને આવડે અને જો તે વાર્તા સાચી રીતે સુંદર, સંવાદમય, શક્તિશાળી અને સુ-સમન્વિત હોય, તો તે વાર્તા તમારા જીવનમાં સિદ્ધ થાય—કદાચ તમે સર્જન કર્યું હતું તે રૂપમાં પરિપૂર્ણ રીતે નહિ, પણ તમે જે નિર્માણ કર્યું હતું તેની ઓછી-વત્તી પરિવર્તન પામેલી, શારીરિક અભિવ્યક્તિ તરીકે.

કદાચ તેમાં અનેક વર્ષો વીતી જાય, પણ તમારી વાર્તા, ત્યાં તમારા જીવનને સંગઠિત કરવાનું વલણ હશે.

પણ ઘણા ઓછા લોકોને સુંદર વાર્તા કહેતાં આવડતું હોય છે. તેઓ હમેશાં તેમાં ભયાનક વસ્તુઓનું મિશ્રણ કરી દેતા હોય છે, જેને કારણે પાછળથી તેઓ પસ્તાતા હોય છે.

જો કોઈ માણસ એક ભવ્ય વાર્તાનું સર્જન કરે, જેમાં કોઈ ભયાનક વસ્તુ ન હોય, જેમાં માત્ર સૌન્દર્ય જ નીતરતું હોય તો તેનો ઘણો મોટો પ્રભાવ દરેક જણના જીવન પર પડે. લોકોને તે જ કરતાં આવડતું હોતું નથી.

જો માણસને પ્રાણિક રૂપોના જગતની આ સર્જનાત્મક શક્તિનો ઉપયોગ કરતાં આવડે, પોતે નાનો બાળક હોય ત્યારથી જો તેને તે શક્તિનો ઉપયોગ કરતાં આવડે—કારણ કે બાલ્યાવસ્થામાં જ માણસ પોતાના ભૌતિક ભાવિનું નિર્માણ કરતો હોય છે,તો બહુ સુંદર પરિણામ આવે. પણ મોટેભાગે તમારી આસપાસના લોકો, કેટલીક વાર તમારા પોતાના નાનકડા મિત્રો પણ, ઘણું કરીને તો માત-પિતા અને શિક્ષકો જ તેમાં માથું મારતા હોય છે. અને તમારી સઘળી વસ્તુઓને બગાડી મૂકતા હોય છે. અને પરિણામે તે વસ્તુ ભાગ્યે જ પરિપૂર્ણ રીતે સફળ બનતી હોય છે.

પણ જો તે, બાળકની નિર્દોષતાપૂર્વક કરવામાં આવે, તો તમે તમારે પોતાને માટે એક અદ્ભુત જીવન સંગઠિત કરી શકો — હું શારીરિક જગતની વાત કરી રહી છું.

બાલ્યાવસ્થાનાં સ્વપ્નો એ પ્રૌઢાવસ્થાની વાસ્તવિકતાઓ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃ. ૧૦૮-૧૦)

*

તમને શું એમ નથી લાગતું કે તમે કદરૂપી વસ્તુઓનું પુસ્તકમાં ચિત્ર ન આપો તો પણ આ જગતમાં જોઈએ તેટલી કદરૂપી વસ્તુઓ રહેલી છે ! આ વસ્તુ જોઈને મને હંમેશાં આશ્ચર્ય થયેલું છે, હું નાની બાળક હતી ત્યારે પણ મને એમ લાગતું. જીવન એટલું બધું તો કદરૂપું છે, એટલું બધું તો હલકી, દયાજનક, અને કદીક તો ઘૃણાજનક વસ્તુઓથી ભરેલું છે કે પછી

વસ્તુઓ જેવી છે તેના કરતાં વધારે કદરૂપી વસ્તુઓ કલ્પવાની શી જરૂર છે ?

(શ્રી માતૃવાણી ગ્રંથ-૪ પૃ. ૧૭૬)

*

તમારી જાતને સુવ્યવસ્થિત કરો

બાળક : એક જ સ્વરૂપમાં પરસ્પર વિરોધી સંકલ્પો હોય છે.

શ્રી માતાજી : હા, ઘણા. સૌ પ્રથમ આપણને આ વસ્તુ જણાય છે. એક ભાગને અમુક વસ્તુ અમુક રીતની જોઈતી હોય છે; બીજી ક્ષણે, બીજી રીતની અને ત્રીજી ક્ષણે વળી બીજી જ કોઈ વસ્તુ જોઈતી હોય છે ! તદુપરાંત આવું પણ હોય છે : કોઈ એક વસ્તુ માગણી કરતી હોય છે જ્યારે બીજી એમ નથી કરતી. એટલે ! પરંતુ જો તમારે તમારા સ્વરૂપમાં લેશમાત્ર વ્યવસ્થા લાવવી હશે તો ઠીક એ જ વસ્તુ શોધી કાઢવી પડશે. તમે એમ જ કરોને, તમારા સ્વરૂપનો જાણે સિનેમામાં હોય છે તેમ એક પરદા દ્વારા પ્રક્ષેપ જ કરી જુઓ, અને તમારી પોતાની જાતને એના ઉપર ગતિ કરતી નિહાળો. કેવી મજાની વાત છે !

એ પ્રથમ પગલું છે.

તમે તમારી જાતનો પરદા ઉપર પ્રક્ષેપ કરો અને નિરીક્ષણ કરો અને જે કાંઈ ત્યાં ગતિ કરતું હોય તે બધું જુઓ અને એ બધું કઈ રીતે હાલે-ચાલે છે અને શું બને છે એ બધું જુઓ. તમે એની એક આકૃતિ દોરો તો પછી એમાં રસ પડશે. પાછળથી, અમુક સમય પછી, જ્યારે તમે એ રીતે નિરીક્ષણ કરવાને ટેવાઈ ગયા હો ત્યારે તમે એક ડગલું આગળ વધી શકો છો અને તમારે લેવાનો નિર્ણય લઈ શકો છો અથવા પછી એના કરતાં પણ એક વધુ મોટું પગલું : તમે સંયોજન કરો — ગોઠવણી કરો, એ બધું હાથમાં લો, દરેક વસ્તુને એના સ્થળે ગોઠવો, તમે એ સંયોજન એવી રીતનું કરો કે તમે એક ગર્ભિત અર્થવાળી સીધે-સીધી ગતિ કરી શકો. અને પછી તમે તમારી દિશા વિશે સભાન બનશો અને કહી શકશો : 'ઠીક છે, એમ થશે; મારું જીવન એ પ્રકારે વિકાસ કરશે, કારણ કે મારા અસ્તિત્વનો મૂળ હેતુ એ છે. હવે, મેં એ સર્વ વસ્તુઓને મારી અંદર ગોઠવી છે, દરેક વસ્તુને તેને યોગ્ય સ્થાને મૂકી છે, એટલે કુદરતી રીતે એક કેન્દ્રસ્થ દિશાસૂચનની ત્યાં રચના થઈ રહે છે. હું એ દિશાસૂચનને અનુસરું છું. એક ડગલું આગળ અને હું જાણીશ કે શું બનવાનું છે, કારણ કે હું પોતે જ નિર્ણય કરું છું....' હું જાણતી નથી કે તમને આમાં રસ પડશે કે નહિ, પણ હું તમને કહું કે મને તો આ બાબતમાં ભારે રસ પડતો. આખી દુનિયામાં સૌથી વધુ રસ આમાં આવતો. એવી કોઈ બીજી વસ્તુ નહોતી જેમાં મને આના કરતાં વધુ રસ પડે.

અને મને એટલી બધી ખાતરી થઈ ગઈ હતી કે કોઈ પણ વ્યક્તિ એમ કરી શકે અને એટલી જ તાજગી અને સત્યનિષ્ઠા હોય તો એને આહ્લાદક પરિણામો પ્રાપ્ત થાય.... એ સર્વ વસ્તુઓને તમારી સામે એક પરદા ઉપર મૂકો અને પછી શું થાય છે તે જુઓ. અને એમાં પ્રથમ પગલું જે કાંઈ બનતું હોય તેનું જ્ઞાન મેળવવાનું છે અને જે કાંઈ અયોગ્ય લાગતું હોય

તેની પ્રત્યે આંખો મીંચી દેવા પ્રયત્ન કરવાનો નથી. તમારી આંખો બરાબર ઉઘાડી રાખો અને એ રીતે જે કાંઈ બનતું હોય તેને પેલા પરદા સમક્ષ રાખો. પછી તમે એક તદ્દન રસપ્રદ શોધ કરો છો. અને પછી બીજું પગલું એમ કહેવાની શરૂઆત કરવાનું છે : 'આમ આ બધી વસ્તુઓ જ્યારે મારી અંદર જ બની રહી છે, ત્યારે પછી શા માટે મારે આ વસ્તુ આ રીતે ન ગોઠવવી અને પછી પેલી વસ્તુ પેલી રીતે અને આ બીજી વસ્તુ આ પ્રકારે, અને એક એવી વસ્તુ શા માટે ન બતાવવી જે બુદ્ધિમત્તાવાળી અને અર્થપૂર્ણ હોય. આ જે સંકલ્પો અવરોધ કરે છે, અને પેલી વસ્તુ જે માર્ગમાં આડે આવે છે એને શા માટે ખસેડી ન લેવી ? શા માટે નહિ ? અને એ વસ્તુ સ્વરૂપમાંની કઈ વસ્તુનું પ્રતિરૂપ છે ? એ ત્યાં કેમ છે ? એને ત્યાં મૂકી દઈએ તો એમ કરવાથી મને નુકસાનને બદલે મદદ ન મળે ?' અને એવી રીતે આગળ.

અને થોડે થોડે કરીને, ધીમે ધીમે, તમારી દૃષ્ટિ વધુ સાફ થાય છે અને તમને જોવા મળે છે કે તમારું ઘડતર કેમ આ રીતનું થયેલું છે, તમારે કઈ વસ્તુ કરવાની છે, એવી કઈ વસ્તુ છે **જેને માટે તમે જન્મ ધારણ કર્યો છે.** અને પછી તદ્દન સ્વાભાવિક રીતે, આ વસ્તુ બરાબર બની રહે તે માટે સર્વ વસ્તુઓનું બરાબર સંયોજન થઈ ગયું હોય છે, એટલે રસ્તો સીધો થઈ જાય છે અને તમે પહેલેથી કહી શકો છો : 'એ વસ્તુ આ રીતની થશે,' અને જ્યારે એ સર્વ વસ્તુઓને ઊંધી વાળવાને માટે બહારથી કોઈ ચીજ આવે છે ત્યારે તમે કહી શકો છો : 'ના, એ મને સહાયક થાય છે; પેલી વસ્તુનો હું ત્યાગ કરું છું. કારણ કે એ નુકસાનકર્તા છે.' અને પછી, થોડાંક વર્ષો પછી, તમે તમારી જાતને એક ઘોડાને લગામ વડે અંકુશમાં લીધો હોય તેમ અંકુશમાં લઈ લો છો : તમે તમને ગમે તે કરો છો, ગમે તે રીતે કરો છો, અને જ્યાં ગમે ત્યાં જઈ શકો છો.

મને આ વસ્તુ મહેનત કરવા જેવી લાગે છે. હું માનું છું કે એ અતિશય રસપ્રદ વસ્તુ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃ. ૩૦૫-૦૭)

*

એકમાત્ર ઈલાજ

તમે જોઈ શકો છો કે જગતની હાલની પરિસ્થિતિમાં સંજોગો કાયમ મુશ્કેલ છે. સમગ્ર જગત એક સંઘર્ષ, ઘર્ષણની પરિસ્થિતિમાં છે — સત્ય અને પ્રકાશનાં બળોને આવિર્ભાવ પામવાની ઇચ્છા છે અને તેનાથી વિરુદ્ધ જે જે વસ્તુઓ છે તેમને પરિવર્તન પામવું નથી અને તે વસ્તુ ભૂતકાળની પ્રતિનિધિરૂપ છે અને તે જડ અને સખત થઈ ગયેલી છે તથા ચાલ્યા જવાનો ઇન્કાર કરે છે. સ્વાભાવિક રીતે જ દરેક વ્યક્તિને પોતાની મુશ્કેલીઓનો અનુભવ થાય છે અને તેને આ પ્રકારનાં જ બધાં વિઘ્નોનો સામનો કરવો પડે છે.

તમારા માટે એકમાત્ર માર્ગ છે. તે છે એક સમગ્ર, પૂર્ણ અને બિનશરતી સમર્પણ. હું એ કહેવા માગું છું કે તમારાં કર્મો, કાર્ય, મહેચ્છાઓને છોડી દેવી એટલું જ નહિ પરંતુ તમારી તમામ લાગણીઓનો પણ ત્યાગ કરવો; જેથી કરીને તમે જે કાંઈ કરો, જે કાંઈ હો તે કેવળ

પ્રભુ માટે જ હો. તેથી તમારી આજુબાજુના માનવસંબંધોથી તમારી જાતને ઊર્ધ્વમાં નિહાળો — તેમનાથી ઊર્ધ્વમાં હો એટલું જ નહિ પરંતુ પ્રભુકૃપાની દીવલાથી તે બધામાંથી રક્ષણ મેળવતા રહો. એક વખત તમને કોઈ કામના ન હોય, આસક્તિ ન હોય, તમે માનવો તરફથી મળતી બક્ષીસો ગ્રહણ કરવામાંથી મુક્ત હો — એમ જાણીને કે એક માત્ર બક્ષિસ પરમ પ્રભુ તરફથી પ્રાપ્ત કરવા લાયક છો અને તે કદી નિષ્ફળ જતી નથી — એક વખત તમે બાહ્ય માનવીઓ અને વસ્તુઓ તરફની બધી આસક્તિ છોડી દો કે તરત જ તમને આ દિવ્ય હાજરી, આ દિવ્ય બળ, આ દિવ્ય કૃપા જે તમારી સાથે જ કાયમ હોય છે તેનો તમારા હૃદયમાં તમને અનુભવ થવા લાગે છે.

અને બીજો કોઈ પણ ઉપાય નથી. તે એકમાત્ર ઉપાય છે, દરેકને માટે, અપવાદ સિવાય. જે લોકો સહન કરે છે તે દરેકને આ એક જ વસ્તુ કહેવાની છે; દરેક વેદના એક જ નિશાની છે કે સમર્પણ સમગ્ર નથી. અને પછીથી તમને તમારી અંદર જ્યારે 'ધક્કો' લાગે, તે પ્રમાણે, ત્યારે આ પ્રમાણે કહેવાને બદલે, ''ઓહ, આ ખરાબ છે'', અથવા ''આ સંજોગો બહુ મુશ્કેલ છે'', તમારે એમ કહેવું, ''મારું સમર્પણ પૂર્ણ નથી.'' તો તે બરાબર છે; અને પછીથી તમને પ્રભુકૃપાનો એવો અનુભવ થાય છે જે તમને સહાય કરે છે અને દોરે છે અને તમે આગળ પ્રગતિ કરો છો. તમે બધાં વિરોધી બળોને, વિરોધી ગતિઓને, હુમલાઓને, ગેરસમજને, દુરિચ્છાઓને પ્રત્યુત્તર આપો છો અને એવા જ હાસ્ય સાથે જે પ્રભુકૃપામાં રહેલી શ્રદ્ધામાંથી આવે છે. અને તે **એકમાત્ર** બહાર નીકળવાનો માર્ગ છે, બીજો કોઈ નથી.

આ જગત સંઘર્ષ, વેદના, મુશ્કેલી અને કષ્ટનું જગત છે; તેનું જ બનેલું છે. હજુ તેમાં પરિવર્તન આવેલું નથી. તેમાં ફેરફાર થતાં પહેલાં સમય લાગશે. અને દરેકને માટે તેમાંથી બહાર નીકળવા માટે એક તક છે. જો તમે પ્રભુકૃપાની હાજરી ઉપર જ આધાર રાખો તો તે જ એકમાત્ર માર્ગ છે. આ વસ્તુ હું તમને સતત બે કે ત્રણ દિવસથી કહી રહેલી છું.

પરંતુ આ પ્રકારની શક્તિ ક્યાંથી પ્રાપ્ત કરવી ?

તમારી અંદરથી — દિવ્ય પ્રભુની હાજરી તમારી અંદર જ છે. તે તમારી અંદર છે. ત્યાં તેની હાજરી રહેલી છે. તમારે બીજા માણસોની પ્રશંસા, તાકાત મેળવવા માટે જોઈએ છીએ — તે તમને કદી મળશે નહિ. બળ તમારી અંદર છે. જો તમારી ઇચ્છા હોય તો તમારે માટે જે પરમ ધ્યેય હોય, પરમ તેજ હોય, પરમ જ્ઞાન, પરમ પ્રેમ તેના માટે તમે અભીપ્સા રાખી શકો છો. પરંતુ તે તમારી અંદર છે — નહિ તો પછી તમે તેનો સંપર્ક કદી સાધી શકો નહિ. જો તમે તમારી પોતાની અંદર પૂરતા પ્રમાણમાં ઊંડા ઊતરો તો તમે તેને ત્યાં, જેવી રીતે એક સીધી જ્યોત કાયમ જલતી હોય, તે રીતની શોધી કાઢશો.

અને એમ ન માનશો કે તે પ્રમાણે કરવું એટલું બધું મુશ્કેલ છે. તે એટલા માટે કે આપણી દૃષ્ટિ કાયમ બહારની બાજુએ હોય છે. તેથી તમને દિવ્ય હાજરીનો અનુભવ થતો નથી. તેથી જો તમે બાહ્ય તરફ મદદ માટે નજર કરવાને બદલે એકાગ્રતા કરો અને પ્રાર્થના કરો — અંદર

પરમ જ્ઞાનને — કે દરેક ક્ષણે શું કરવું જોઈએ, કઈ રીતે કરવું જોઈએ, અને તમે જે કાંઈ છો તે બધું જ આપી દો અને તમે જે કાંઈ કરો તે પૂર્ણતા માટે કરો તો તમને અનુભવ થશે કે ત્યાં એક સહાય રહેલી છે, કાયમ માર્ગદર્શન આપતી અને રસ્તો ચીંધતી. અને જો કોઈ મુશ્કેલી હોય તો તેની સામે યુદ્ધ કરવાને બદલે તમે તે તેને સોંપી દો છો, તે પરમ જ્ઞાનને તેની સાથે વ્યવહાર કરવા છોડી દો છો — બધી દુરિચ્છાઓ, બધી ગેરસમજો અને બધા પ્રત્યાઘાતોનો નિકાલ લાવવા માટે છોડી દો છો. જો તમે પૂરેપૂરું સમર્પણ કરો તો પછી તે તમારો પ્રશ્ન રહેતો નથી; તે પ્રભુની બાબત છે અને તે પોતાના હાથ ઉપર તેને લે છે અને શું કરવાનું છે તે બીજા કોઈ પણ કરતાં વધારે સારી રીતે જાણે છે. તે એકમાત્ર બહાર નીકળવાનો માર્ગ છે. મારા બાળક, તે એકમાત્ર માર્ગ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૧૫ પૃ. ૩૪૬-૪૮)

*

માનવ પ્રકૃતિમાં પરિવર્તન લાવ્યા વગર માનવ જીવનમાં સાચું પરિવર્તન કરવાની આશા રાખવી એ એક અતાર્કિક તેમ જ બિનઆધ્યાત્મિક સૂચન છે. એ કોઈ અવાસ્તવિક, અકુદરતી વસ્તુ, કોઈ અશક્ય ચમત્કારની અપેક્ષા રાખવા સમાન છે.

(CWM 19 : 1053) શ્રી અરવિન્દ

*

માનવજાતિ જે ભયંકર દશામાં ડૂબેલી છે એમાંથી ચેતનાના રૂપાંતર સિવાય અન્ય કોઈ વસ્તુ એને બચાવી શકશે નહિ.

*

કહેવાતા સર્વ વ્યવહારુ રસ્તાઓ એ છે છોકરવાદ, જેના વડે માણસો પોતાને અંધ બનાવી લે છે અને આમ તેઓ સાચી જરૂરિયાત અને એકમાત્ર ઇલાજને જોઈ શકતા નથી.

*

જીવનનો હેતુ

હા, પાર્થિવ અસ્તિત્વને પ્રમાણિત કરનારો હેતુ એ છે કે ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટે મનુષ્ય પૃથ્વી પર આવેલો છે.

તે હેતુ સિવાય, પાર્થિવ જીવન એક ભીષણ વસ્તુ બની જાય.

(મૌન)

ભગવાનને ફરી શોધી કાઢવાનો, ભગવાન-રૂપ બનવાનો, તેમનો આવિર્ભાવ કરવાનો, બાહ્ય રીતે તેમનો સાક્ષાત્કાર કરવાનો હેતુ જો ન હોય, તો અત્યારે છે તેવું પાર્થિવ જીવન રાક્ષસી બની જાય.

સ્વાભાવિક રીતે જ, માણસો જેમ વધારે અચેતન હોય છે, તેમ તેમ તેઓ આ વસ્તુને ઓછી ને ઓછી સમજતા હોય છે, કારણ કે તેઓ વિષયીકરણ કરતા નથી, ટેવ અનુસાર યાંત્રિક રીતે જીવતા હોય છે, પોતાના જીવવાના પ્રકારથી પણ સભાન હોતા નથી, તેનું પણ

વિષયીકરણ કરતા હોતા નથી. જેમ જેમ ચેતના વૃદ્ધિ પામતી જાય છે, તેમ તેમ જીવન કેવું રાક્ષસી નરક સમાન છે તેનો તેમને ખ્યાલ આવતો જાય છે — અત્યારે જીવન જેવું છે તે.

જ્યારે સાધનામય જીવન જેના પ્રત્યે દોરી જાય છે તેનાથી તેઓ સભાન બને છે, ત્યારે જ તેઓ તેને સ્વીકારે છે અને સમજે છે. જીવનનો આ ઉદ્દેશ જ તેને સ્વીકાર્ય બનાવે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃ. ૧૧૧)

*

જ્યારે માણસ મોજ માણે છે અને ભૂલી જાય છે, વસ્તુઓ આવે તેમ તેમને સ્વીકારી લે છે, ગંભીર બનીને જીવનનો સામનો કરવાનો ત્યાગ કરે છે, જ્યારે ભૂલી જાય છે કે મારે એક સમસ્યાનો ઉકેલ લાવવાનો છે, કંઈક શોધી કાઢવાનું છે, મારા અસ્તિત્વનો કોઈક હેતુ છે, તેને બદલે મારે માત્ર સમય પસાર કરીને કાંઈ પણ શીખ્યા કે કર્યા વિના અહીંથી ચાલ્યા જવાનું છે એવું વિચારે છે ત્યારે તે ખરેખર પોતાનો સમય બગાડી રહ્યો હોય છે. આપણને જે તક સાંપડી છે તે એ ગુમાવી દેતો હોય છે. આ તક જીવનની એક મહાન તક છે, આ જીવન પ્રગતિનું ક્ષેત્ર છે, આ શાશ્વતીની એવી એક ક્ષણ છે કે જ્યારે તમે જીવનના રહસ્યને શોધી કાઢી શકો. આ ભૌતિક, શારીરિક અસ્તિત્વ એક અદ્‌ભુત તક છે, જીવનનો હેતુ શોધી કાઢવા માટેની શક્યતા છે, આ ગહનતર સત્ય પ્રત્યે એક ડગલું આગળ વધવાની તક છે, દિવ્ય જીવનના શાશ્વત આનંદનો સંપર્ક સાધવાનું રહસ્ય શોધી કાઢવાની એક મહામૂલી તક છે.

(મૌન)

મેં તમને અનેક વાર કહ્યું છે કે દુઃખને અને વિપત્તિને શોધવાં એ એક રોગિષ્ઠ વલણ છે, જેનો ત્યાગ કરવો જોઈએ. પણ ભૂલી જઈને દુઃખોથી ભાગી જવું; ઉપરચોટિયા ક્ષુદ્ર ગતિ દ્વારા, બીજામાં મન પરોવીને દુઃખોથી ભાગી જવું એ બાયલાપણું છે. દુઃખ આપણને કંઈક શીખવાડવા માટે આવતું હોય છે. જેમ આપણે તે બોધપાઠ જલ્દી શીખી લઈએ તેમ દુઃખની જરૂરિયાત ઓછી થતી જાય છે. જ્યારે આપણે રહસ્યને જાણીએ છીએ ત્યારે દુઃખ સહન કરવાનું રહેતું જ નથી, કારણ કે તે રહસ્ય આપણી સમક્ષ તે દુઃખનું કારણ પ્રગટ કરી દે છે અને તેમાંથી પર થઈ જવાના માર્ગને પણ ખુલ્લો કરી દે છે.

અહંતામાંથી બહાર આવવું, તેની જેલમાંથી બહાર આવવું, ભગવાન સાથે આપણી જાતને એકરૂપ બનાવવી, તેમનામાં વિલીન થઈ જવું, કોઈ પણ વસ્તુને આપણને ભગવાનથી વિખૂટા પાડવા ન દેવા એ તે રહસ્ય છે. માણસ એક વાર આ રહસ્યને શોધી કાઢે છે, પોતાના અસ્તિત્વમાં તેનો સાક્ષાત્કાર કરે છે, એટલે દુઃખને રહેવાનું કોઈ કારણ રહેતું નથી. તે અદૃશ્ય થઈ જાય છે. તે રહસ્ય એક સર્વશક્તિમાન ઉપાય છે. તે ઉપાય માત્ર આપણા અસ્તિત્વના ગહનતર ભાગોમાં, આત્મામાં, આધ્યાત્મિક ચેતનામાં જ કામિયાબ નથી નીવડતો, પણ જીવનમાં તથા શરીરમાં પણ તે કામિયાબ નીવડે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૯ પૃ. ૪૨-૪૩)

*

માનવ-પ્રકૃતિની જડતા, ભારેખમપણું, આળસ, સહેલા સંતોષો, પ્રયાસ પ્રત્યે વિરોધ, આ બધાંની સામે યુદ્ધ કરવાની બાબત શ્રી અરવિન્દ આ ફકરામાં કહી રહ્યા છે. જીવનમાં કેટલા બધા એવા માણસો મળે છે કે જેઓ સંઘર્ષથી ડરતા હોવાને કારણે શાન્તિવાદી બની ગયા હોય છે? તેઓ કિંમત ચૂકવ્યા વગર વિશ્રાન્તિ લેવા ઇચ્છતા હોય છે, કલ્પનામાં પ્રાપ્ત કરેલી થોડી પ્રગતિથી સંતોષ માની લેતા હોય છે. તેમની કામનાઓ તેમના માર્ગમાં કરાતા વિશ્રામને સાચો ઠેરવવા માટે એક પ્રકારની અદ્ભુત સભાનતા ઊભી કરે છે.

સામાન્ય જીવનમાં આમ ઘણી વાર બનતું હોય છે. આ શ્રીમંત, બેઠાખાઉ લોકોનો આદર્શ છે, જેણે માનવજાતિને નિષ્પ્રાણ બનાવી દીધી છે, અને માનવને તે અત્યારે છે તે પ્રકારનો બનાવી મૂકયો છે. તેવા લોકો કહેતાં હોય છે કે ''જુવાનીમાં કામ કરી લો, ધનમાન, મોભો, સત્તા કમાઈ લો, થોડી ઘણી બચત કરો, અગમચેતી રાખો, મૂડી ઊભી કરો, સત્તાધીશ બનો, જેથી ચાલીસ વર્ષની ઉમ્મર પછી તમે આરામ કરી શકો, તમારી આવકનો, પેન્શનનો ઉપયોગ કરી શકો, અને મહેનત કરીને કમાયેલી વિશ્રાન્તિ માણી શકો.'' આનો અર્થ આ થયો કે, ''બેસો, માર્ગમાં અટકી જાઓ, આગળ ન વધો, ઊંઘી જાઓ, મૃત્યુનો સમય આવે તે પહેલાં કબર પ્રત્યે સરી પડો, જીવનનો હેતુ સિદ્ધ કરવાની માથાકૂટમાં ન પડો !''

જે ક્ષણે માણસ આગળ વધતો અટકી જાય છે, તે જ ક્ષણે તે પીછેહઠ કરતો હોય છે. જે ક્ષણે તે સંતોષ માની લઈ અભીપ્સા સેવતો નથી, તે જ ક્ષણે તે મરવાની શરૂઆત કરે છે. જીવન એક ગતિ છે, પ્રયાસ છે, નવીન આવિષ્કારો પ્રત્યે આરોહણ છે, આગેકૂચ છે, પર્વતારોહણ છે, ભાવિ સાક્ષાત્કારો પ્રત્યે આરોહણ છે. આરામ કરવાની વૃત્તિ કરતાં બીજી કોઈ વધારે જોખમકારક ચીજ નથી. ક્રિયામાં, પ્રયાસમાં, આગેકૂચમાં, આરામ શોધી કાઢવો જોઈએ. ભગવાનની કૃપામાં સંપૂર્ણ વિશ્વાસ, કામનાઓનો અભાવ, અહંતા પર વિજય, આમાં સાચો આરામ મળે છે.

ચેતનાને વિશાલ વૈશ્વિક બનાવવાથી સાચો આરામ પ્રાપ્ત થાય છે. વિશ્વ જેટલા વિશાળ બનો અને તમે સદાને માટે આરામમાં જ રહેશો. ખૂનખાર સંઘર્ષમાં, યુદ્ધ મધ્યમાં, પ્રયાસમાં તમને અનંતતાનો અને શાશ્વતીનો આરામ જડશે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૯ પૃ. ૬૫-૬૬)

*

પ્રશ્ન : બાહ્ય દેખાવ પરત્વે યોગીનું વલણ ખરેખર કેવું હોવું જોઈએ ?

ઉત્તર : અંધ થઈ રહેવાને બદલે જોવાની ઉપયોગિતા. બાહ્ય દેખાવોથી છેતરાવવું નહિ એની ઉપયોગિતા. અજ્ઞાન અને જૂઠાણામાં જીવવાને બદલે જીવનનો સાચો હેતુ જાણવાની ઉપયોગિતા. (CWM 16 : 392)

*

સંવાદપૂર્ણ સામૂહિકતા પ્રતિ

થોડાક સમય પૂર્વે માનવની આધ્યાત્મિક અભીપ્સા મૌન, નિષ્ક્રિય શાન્તિ તરફ વળી હતી.

તે જગતની સર્વ વસ્તુઓથી વિમુખ, અનાસક્ત હતી. તે જીવનમાંથી ભાગી જવાની ભાગેડુ વૃત્તિ હતી, જેથી યુદ્ધમાંથી ઊગરી જવાય, પ્રયાસમાંથી છટકી જવાય તેવી એક આધ્યાત્મિક શાન્તિ હતી, જેમાં બધા બનાવ, સંઘર્ષ, પ્રયાસ બંધ પડી જતાં હતાં, સર્વ પ્રકારનાં દુઃખોનો અંત આવી જતો હતો. આને જ આધ્યાત્મિક અને દિવ્ય જીવનની સાચી અને એક માત્ર અભિવ્યક્તિ માનવામાં આવતી હતી. તેને ભગવાનની કૃપા, ભગવાનની મદદ, ભગવાનની દરમિયાનગિરી માનવામાં આવતી હતી. અત્યારે પણ, આ વ્યથાના બનાવના સંઘર્ષના યુગમાં પણ, આ પરમ શાન્તિ ખૂબ મદદરૂપ બની શકે, માણસોને આશ્વાસન અને આશા આપી શકે. ઘણા લોકો હજી પણ તેને ભગવાનની કૃપા, ભગવાનની દરમિયાનગિરીનું ચિહ્ન માને છે.

હકીકતમાં, માણસ ગમે તે સિદ્ધિ પ્રાપ્ત કરવા માગતો હોય, પણ આ પરિપૂર્ણ અને અપરિવર્તનીય શાન્તિની સ્થાપનાથી જ તેણે શરૂઆત કરવી પડશે; તે પાયા ઉપર તેણે કાર્ય કરવું પડશે. પણ જો માણસ અંગત, અહંતાપૂર્ણ, બીજી વસ્તુઓને બાકાત રાખનારી મુક્તિનું સ્વપ્ન સેવતો નહિ હોય, તો તે ત્યાં અટકી જઈ શકશે નહિ. ભગવાનની કૃપાની એક બીજી બાજુ છે, જે સર્વ વિઘ્નો ઉપર વિજય પ્રાપ્ત કરશે, માનવજાતિને નવીન સાક્ષાત્કાર માટે આવેગ આપશે, નવીન જગતનાં દ્વાર ખોલી નાંખશે અને દિવ્ય સાક્ષાત્કારનો લાભ થોડા પસંદ કરાયેલા માણસોને જ નહિ આપે, પણ તેમની અસર, તેમનું દૃષ્ટાંત, તેમની શક્તિ બાકીની માનવજાતિને પણ નવીન, વધારે સારી સ્થિતિમાં લાવી મૂકશે.

આ ભાવિમાં સાક્ષાત્કારના નવા માર્ગો ખોલી આપે છે, જેમની શક્યતાઓની આગાહી થઈ ચૂકી છે. તેમાં નવીન શક્તિઓ પ્રત્યે, સભાનતાપૂર્વક અથવા અભાનતાપૂર્વક, ખુલ્લા બનેલા માનવ જાતિના સમગ્ર ભાગો ઉચ્ચતર, વધારે સંવાદમય, વધારે પૂરિપૂર્ણ જીવનમાં ઊર્ધ્વગતિ કરશે. જો વ્યક્તિગત રૂપાંતર હંમેશાં શક્ય નહિ હોય, અથવા તેને મંજૂરી નહિ અપાતી હોય, તો પણ એક પ્રકારનું જનસમૂહનું ઊર્ધ્વીકરણ થશે, સમગ્રની સંવાદમયતા સ્થપાશે, જેથી નવીન વ્યવસ્થા, નવીન સંવાદિતા સર્જાશે, અત્યારનાં અવ્યવસ્થા અને સંઘર્ષ અદૃશ્ય થશે અને તેમની જગ્યાએ એવી વ્યવસ્થા આવશે, જે સમગ્રના સંવાદમય કાર્યને છૂટ આપશે.

એનાં બીજાં પરિણામો આવશે; જે જીવનમાં મનની દરમિયાનગિરીથી પેદા થયાં છે, તે વિકૃતિઓને, કદ્રુપતાને, જે વિકૃતિઓએ દુઃખો, કષ્ટ, નૈતિક દરિદ્રતા, અધમ જુગુપ્સાજનક કષ્ટો પેદા કર્યા છે અને જીવનને આટલું બધું ભયંકર બનાવી દીધું છે તે બધાંને તે દૂર કરશે. તેમણે અદૃશ્ય થઈ જવું જ જોઈએ. આ વસ્તુઓ માનવજીવનને પશુજીવન કરતાં પણ વધારે ખરાબ બનાવી મૂકે છે. બધું હોવા છતાં, પશુઓમાં સરળતા હોય છે, સ્વાભાવિક સ્વયંભૂપણું હોય છે, સંવાદિતા હોય છે. માનવજીવનમાં જેટલું હોય છે, તેટલું દુઃખ પશુ જીવનમાં કષ્ટમય અને શુદ્ર નથી હોતું. માનવોમાં ખૂબ વિકૃતિ આવી ગયેલી છે, તેમણે પોતાની માનસિકતાનો ઉપયોગ માત્ર અહંતાપૂર્ણ જરૂરિયાતોની સેવામાં જ કર્યો હોય છે.

આપણે પ્રકાશમાં અને સંવાદિતામાં ઉપર ચઢવું જોઈએ અને નહિ તો પશુ જીવનની સરલતામાં, આરોગ્યપ્રદ અવિકૃતતામાં પાછા જવું જોઈએ.

પણ જે લોકોને ઊંચે લઈ જઈ શકાય તેમ નથી, જે એ પ્રગતિ કરવાની ના પાડે છે, તેઓ આપોઆપ માનસિક ચેતનાનો ઉપયોગ ગુમાવી બેસશે અને માનવ નીચેની પશુ કોટીમાં સરી પડશે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૯ પૃ. ૨૭૪)

*

આપણે કહી શકીએ છીએ કે માણસ તેની પ્રકૃતિના સ્વરૂપની સર્વ અવસ્થાઓનો સર્વશક્તિમાન સ્વામી છે, પરંતુ આ બનવાનું તે ભૂલી ગયો છે.

એની સ્વાભાવિક અવસ્થા તે સર્વશક્તિમાન બની રહેવાની છે — આ બનવાનું તે ભૂલી ગયો છે....

કુદરતી રીતે જ, વિકાસક્રમના વળાંકમાં, માણસ પોતાની સર્વ-શક્તિમત્તાને વીસરી જાય એ જરૂરનું હતું. કેમ કે એ સર્વશક્તિમત્તાને લીધે એ ગર્વ અને મિથ્યાભિમાનથી કેવળ ફુલાઈ ગયો હતો અને એમાંથી તે પૂરેપૂરો વિકૃત થઈ ગયો હતો અને એને એ વસ્તુનો અનુભવ કરાવવાની જરૂર હતી કે તેના કરતાં ઘણી વસ્તુઓ વધારે બળવાન અને વધારે શક્તિવાળી છે. પણ મૂળમાં આ વસ્તુ સાચી નથી. વિકાસક્રમના વળાંકમાં આ એક જરૂરની વસ્તુ છે, એટલું જ.

મનુષ્યમાં દેવ બનવાની શક્યતા રહેલી છે. એણે આમ તો પોતાને ખરેખરો દેવ માની લીધો હતો. પણ એણે એ શીખવાની જરૂર હતી કે એ પૃથ્વી ઉપર પેટે ચાલતા એક નાનકડા જંતુ કરતાં કંઈ જ વિશેષ નથી અને તેથી પૃથ્વી પરનું જીવન તેની હરેક રીતે ખબર લેવા માંડ્યું, એને છોલવા માંડ્યો અને આખરે જતાં... એ સમજતો થયો એમ તો નહિ, પણ કાંઈ નહિ તો એને થોડું અનુભવવા લાગ્યું તો ખરું જ. પરંતુ જ્યારે એ સાચી દૃષ્ટિમાં પહોંચે છે ત્યારે એને તરત જ ખબર પડે છે કે પોતે ગૂઢ રૂપે તો એક દેવ છે. માત્ર, એણે એ બનવાનું રહે છે, એટલે કે જે જે વસ્તુ દેવરૂપ નથી તે તે બધું તેણે જીતી લેવાનું રહે છે.

દેવોની સાથેનો આ સંબંધ એક અતિશય રસિક વિષય છે.... જ્યાં સુધી મનુષ્ય આ દિવ્ય સત્ત્વોની શક્તિ, સુંદરતા, સિદ્ધિઓથી આશ્ચર્ય પામતો રહે છે અને એ બધા પ્રત્યે અહોભાવથી જોતો રહે છે ત્યાં સુધી એ તેમનો દાસ બની રહે છે. પરંતુ એને જ્યારે સમજણ પડે છે કે આ બધી વસ્તુઓ પરમાત્માના સ્વરૂપની જુદી જુદી અવસ્થાઓ છે, વિશેષ કાંઈ જ નહિ, અને તે પોતે પણ પરમાત્માના સ્વરૂપની એક બીજી રીતની અવસ્થા છે, કે જે તેણે બનવાનું છે ત્યારે દેવો સાથેનો સંબંધ બદલાઈ જાય છે અને એ તેમનો દાસ રહેતો નથી — એ તેમનો દાસ નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૧ પૃ. ૪૦-૪૧)

*

સાચી જરૂરિયાત

જો તમે ભગવાન પ્રત્યે વળો, તેમનામાં પૂરો વિશ્વાસ રાખો અને માગણી કરો, તો તમારે જોઈતી વસ્તુ તમને મળશે — તમે જે જરૂરિયાતની કલ્પના કરો છો તેવી જ તે વસ્તુ ન પણ

હોય; પણ તમને જે વસ્તુની સાચી જરૂર છે, તે તમને મળશે. પણ તમારે તે વસ્તુની ભગવાન પાસે માગણી કરવી જોઈએ.

તમારે તે પ્રયોગ દિલની સચ્ચાઈપૂર્વક કરવો જોઈએ. તમારે અનેક પ્રકારના બાહ્ય ઉપાયો વડે તે વસ્તુ મેળવવાનો પ્રયાસ ન કરવો જોઈએ અને ભગવાન પાસે માગણી કર્યા સિવાય, ભગવાન તે આપશે એવી અપેક્ષા ન રાખવી જોઈએ. સાચે જ, જ્યારે તમને કોઈક માણસ અમુક વસ્તુ આપે એવી તમે ઇચ્છા રાખતા હો છો ત્યારે તમે તેની પાસે તે વસ્તુની માગણી કરો છો, નહિ વારુ? તો પછી તમે માગણી ન કરો, અને છતાં ભગવાન તમને તે વસ્તુ આપશે એવી આશા તમે શા માટે રાખો છો?

સામાન્ય ચેતનામાં, ગતિ બિલકુલ વિરુદ્ધ પ્રકારની હોય છે. તમે માની લો છો અને કહેતા હો છો કે ''મારે આ વસ્તુની જરૂર છે, મારે આ સંબંધની જરૂર છે, મારે આ પ્રેમની જરૂર છે, મારે આ જ્ઞાનની જરૂર છે વગેરે. ભગવાને તે મને આપવું જોઈએ, નહિ તો તે ભગવાન નથી.'' એટલે તમે પ્રશ્નને તદ્દન ઉલટાવી નાખતા હો છો.

પ્રથમ તો તમે કહો છો કે મારે જરૂર છે. તમે જાણતા હો છો કે તે તમારી સાચી જરૂરિયાત છે, કે પછી તે માત્ર તમારી મનની છાપ જ છે, અથવા કામના છે, અથવા તદ્દન અજ્ઞાનમય ગતિ છે? આ પ્રથમ મુદ્દો. તે વિશે તમે કાંઈ જ જાણતા હોતા નથી.

બીજો મુદ્દો : તમે તમારા જ સંકલ્પને ભગવાન પર ઠોકી બેસાડવા માગતા હો છો, તમે ભગવાનને કહો છો કે મારે આની જરૂર છે. પણ તમે તેમની પાસે તે વસ્તુની માગણી કરતા હોતા નથી કે તમે મને આ વસ્તુ આપો. તમે તો માત્ર એટલું જ કહો છો કે ''મારે આની જરૂર છે, મારે તેની જરૂર છે, એટલે તે મને મળવી જોઈએ — આપોઆપ, સ્વાભાવિક રીતે જ. મારે જરૂરની બધી વસ્તુઓ મને આપવી તે ભગવાનનું કામ છે.''

પણ જો સાચી રીતે તમે ન જાણતા હો કે તમારે શેની જરૂર છે, અને જો તે એક ભ્રમણા-માત્ર હોય, સત્ય ન હોય, અને વળી જો તમે તે જરૂરિયાત વિશે જીવન પાસેથી માગણી કરતા હો — ભગવાન પાસેથી નહિ, ભગવાન અને તમારી વચ્ચે કોઈ સંબંધ ન સ્થાપતા હો, જો તમારા વલણમાં થોડીઘણી દિલની સચ્ચાઈ સાથે તમે ભગવાન પ્રત્યે ન વળતા હો, તો તમે ભગવાન પાસેથી કશી માગણી કરતા હોતા નથી અને એટલે ભગવાન તમને કોઈ પણ વસ્તુ આપે તે માટે કોઈ કારણ નથી.

પણ તમારા કરતાં ભગવાન વધારે જાણે છે કે તમારે શેની જરૂર છે, કારણ કે તે ભગવાન છે, અને જો તમે તેમની પાસે માગણી કરો, તો તમારે જરૂરની વસ્તુ તે આપશે.

પણ જો તમે આગ્રહ રાખો અને તમારા સંકલ્પને ભગવાન પર ઠોકી બેસાડો, તો તમે જે માગો છો તે ભગવાન તમને આપે, જેથી તમને પ્રકાશ મળે અને તમને તમારી ભૂલ સમજાય કે તે વસ્તુની તમને સાચી જરૂર ન હતી. પછી તમે ફરિયાદ કરવાની શરૂઆત કરો છો — હું તમારી અંગત વાત નથી કરતી; હું તો બધા માનવોની વાત કરી રહી છું — અને તમે કહો છો

કે મને નુકસાન થાય તેવી વસ્તુ ભગવાને મને શા માટે આપી ? પણ તમે તદ્દન ભૂલી જતા હો છો કે તમે જ તેની માગણી કરી હતી !

એ બંને રીતે તમે આગળ વધતા હો છો. જો તે તમારી માગેલી વસ્તુ તમને આપે અને તે તમારું ઇષ્ટ કરવા કરતાં વધારે અનિષ્ટ કરે, તો તમે વિરોધ કરો છો. જો ભગવાન તમારી માગેલી વસ્તુ તમને ન આપે, તો પણ તમે વિરોધ કરો છો કે જુઓ તો ખરા ! મારે શેની જરૂર છે તે મેં ભગવાનને કહ્યું હતું, અને છતાં મને તેમણે તે વસ્તુ ન આપી.

બંને બાબતોમાં તમે વિરોધ કરતા હો છો અને બિચારા ભગવાન પર આક્ષેપ મૂકતા હો છો.

જો તેમ કરવાને બદલે, તમે તમારામાં માત્ર અભીપ્સા રાખો, આવેગ રાખો, ભગવાનને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા રાખો, જેને તમે વત્તી-ઓછી સ્પષ્ટતાપૂર્વક તમારા અસ્તિત્વનું સત્ય માનતા હો છો, સર્વ ભૂતોનું ઉદ્‌ગમસ્થાન, પરમ કલ્યાણમય, આપણી સર્વ કામનાઓના પ્રત્યુત્તર-રૂપ, સર્વ સમસ્યાઓના ઉકેલ-રૂપ માનતા હો છો, જો તમારામાં એની ઉત્કટ જરૂરિયાત હોય, અને તેનો સાક્ષાત્કાર કરવાની તમે અભીપ્સા સેવો, તો પછી તમે ભગવાનને નહિ કહો — મને આ આપો, પેલું આપો; આની મારે જરૂર છે, મને તે મળવી જોઈએ. તમે ભગવાનને કહેશો કે ''**મારે માટે જે જરૂરનું હોય તે કરો, મારા અસ્તિત્વના સત્ય પ્રત્યે મને દોરી જાઓ. તમારા પરમ જ્ઞાનમાં તમને એમ જણાય કે આ વસ્તુની મારે જરૂર છે, તે મને આપો.**''

પછી તમને ખાતરી થઈ જશે કે હું કોઈ ભૂલ કરી રહ્યો નથી; તે તમને કોઈ અનિષ્ટ વસ્તુ નહિ આપે.

તેના કરતાં પણ એક વધારે ઊંચું પગલું છે. પણ તેનાથી શરૂઆત કરવી એ જરાક વધારે કઠિન છે.

પણ ભગવાનને કહેવું કે મને આની જરૂર છે, તે વસ્તુ મને આપો — તેના કરતાં પહેલો અભિગમ વધારે સાચો છે, કારણ કે બહુ થોડા લોકો પોતાને શેની સાચી જરૂર છે તે જાણતા હોય છે. તેની સાબિતી આ છે કે તેઓ હમેશાં પોતાની કામનાઓને પૂર્ણ કરવા પાછળ દોડતા હોય છે, તે માટે જ સર્વ પ્રયાસો કરતા હોય છે; જ્યારે જ્યારે તેમની એક કામના પૂર્ણ થાય છે, ત્યારે ત્યારે તેઓ નિરાશ બનતા હોય છે, અને પછી તેઓ બીજી કામના પાછળ દોટ મૂકતા હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃ. ૧૧૩-૧૬)

*

વૃત્ત વિશેષ

તા. ૯-૭-૨૦૧૭ને રવિવારના રોજ ગુરુપૂર્ણિમાના પવિત્ર પાવન પ્રસંગે જામનગર કેન્દ્રમાં આ મુજબ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સવારે ૧૦થી ૧૦.૩૦ : સમાધિ સમીપ સમૂહધ્યાન. સાંજે ૭થી ૮.૩૦ : ભક્તિસંગીત. પ્રારંભે કેન્દ્રના વરિષ્ઠ સભ્ય અને સંગીતકાર શ્રી નલીનભાઈ ત્રિવેદી દ્વારા ત્રણ ભક્તિગીતો રજૂ કરવામાં આવ્યાં. ત્યારબાદ વરિષ્ઠ સભ્ય અને સંગીતકાર શ્રી લક્ષ્મણભાઈ ગુંસાઈ દ્વારા સ્વરચિત ભક્તિગીતો શાસ્ત્રીય રાગોમાં રજૂ કરવામાં આવ્યાં. વાતાવરણ ભક્તિમય, ભાવવાહી રહ્યું. શ્રી લક્ષ્મણભાઈ ગુંસાઈના પૌત્રી ચિ. ધ્વનિએ પણ એક ભક્તિગીત રજૂ કર્યું હતું. લક્ષ્મણભાઈના સુપુત્ર ચિ. દિપેન ગુંસાઈએ તબલાવાદન કર્યું. આ ત્રણેય કલાકારો જામનગરમાં શાસ્ત્રીય સંગીતક્ષેત્રે સુપ્રસિદ્ધ અને પ્રથમ કક્ષાના સંગીતકારો છે અને આપણા કેન્દ્રમાં વર્ષોથી શ્રી માતાજી અને શ્રી અરવિન્દ પ્રતિ અનન્ય ભક્તિભાવે નિઃસ્વાર્થ સેવાઓ આપી રહ્યા છે. (અહેવાલ : બિપીન શનિશ્ચરા)

*

૧૫ ઑગસ્ટ, શ્રી અરવિન્દ કેન્દ્ર વિસનગરમાં શ્રી અરવિન્દના જન્મદિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. પ્રારંભે ધ્વજવંદન શ્રી નરેન્દ્રભાઈ પટેલ (વડોદરા)ના હસ્તે કરવામાં આવ્યું. ધ્વજવંદન બાદ શ્રી ઝરણાબહેન તથા તેમના વૃન્દે પ્રાર્થના રજૂ કરી હતી.

આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ પટેલે (વડોદરા) 'શ્રી અરવિન્દનો રાષ્ટ્રવાદ' વિષય પર મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ ધ્યાન, દર્શન અને અર્પણનો કાર્યક્રમ થયો હતો. બીજી બેઠકમાં શ્રી ડી. એમ. પટેલે ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭નો શ્રી અરવિન્દનો સંદેશ વાંચી સંભળાવ્યો હતો અને શ્રી નરેન્દ્રભાઈ પટેલે 'શ્રી અરવિન્દ અને શ્રી કૃષ્ણ' વિષય ઉપર અભ્યાસપૂર્ણ રજૂઆત કરી હતી. ૧૫ ઑગસ્ટે જન્માષ્ટમીનો તહેવાર હોવાથી હાજર રહેલા બસો ઉપરાંત સાધક ભાઈ-બહેનો માટે ફરાળી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થાનું કાર્ય પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પંચાલની રાહબરી હેઠળ સહયોગી સાધકોએ સંભાળ્યું હતું. (અહેવાલ : શ્રી કનુભાઈ પટેલ)

*

શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર, લુણાવાડાના ઉપક્રમે કબીર આશ્રમના સત્સંગ હૉલમાં પૂ. મહંત શ્રી પુરુષોત્તમદાસજીના અધ્યક્ષપણા હેઠળ ૧૫મી ઑગસ્ટના રોજ શ્રી અરવિન્દના જન્મદિવસની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ શ્રી શરદભાઈ દરજીના મધુર કંઠે ગવાયેલી પ્રાર્થનાથી થયો હતો. ત્યારબાદ કેન્દ્રના અધ્યક્ષશ્રીએ સ્વાગત પ્રવચન રજૂ કર્યું હતું. કેન્દ્રના મંત્રીશ્રીએ કેન્દ્રની વર્ષ દરમિયાનની કામગીરીનો અહેવાલ રજૂ કર્યા બાદ અનેક વક્તાઓએ 'સાવિત્રી', 'શ્રીકૃષ્ણ અને તંત્રશાસ્ત્ર' 'શ્રીકૃષ્ણ અને શ્રી

અરવિન્દનો કર્મયોગ' તથા 'શ્રીકૃષ્ણ અને શ્રી અરવિન્દ' વિષયો પર પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. મુખ્ય મહેમાન શ્રી એન.આર.પાટીદારે શ્રી કૃષ્ણના તેમ જ શ્રી અરવિન્દના જીવનના પ્રસંગો તેમ જ આધ્યાત્મિક અનુભવો વિશે રજૂઆત કરી હતી. કાર્યક્રમને અંતે અધ્યક્ષ શ્રી પુરુષોત્તમદાસજીએ કબીર સાહેબની સાખીના માધ્યમથી સત્સંગનું મહત્ત્વ સમજાવ્યું હતું. કેન્દ્રના સભ્યોએ ૧૫ ઑગસ્ટ નિમિત્તે સિવિલ હૉસ્પિટલના ૩૫ દર્દીઓને ફળો તેમ જ બિસ્કીટના પેકેટસ વહેંચ્યાં હતાં. કાર્યક્રમમાં લુણાવાડાના રહીશોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો.

*

સાભાર સ્વીકાર : (૧) ગવેષિત : ડૉ. મીનાબહેન પિનાકીપ્રસાદ પાઠકઃ ૧૨, રાજગિરિ સોસાયટી, આર્યકન્યા વિદ્યાલય પાછળ, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. (ગુ. સા. અકાદમીની આર્થિક સહાયથી પ્રકાશિત). પૃષ્ઠ સંખ્યા ૧૮૦. પાકું પૂઠું, ઉચ્ચ ગુણવત્તા વાળા કાગળ ઉપર સુંદર છાપકામ અને સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૧૦૦/-. પ્રસ્તુત શોધલેખ સંગ્રહમાં ડૉ. મીનાબહેનના અગાઉ પ્રસિદ્ધ થયેલા લેખોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. વેદ, ઉપનિષદ, પુરાણ, હસ્તપ્રત નાટક, જ્યોતિષ વગેરે સાહિત્ય સાથે સંકળાયેલા ૧૨ લેખોમાં વૈદિક આખ્યાનોનું પુરાણોમાં પરિવર્તન અને તે સાથે ઉપબૃંહણ થયેલું છે તે વિશે સમજ આપવામાં આવી છે. શ્રી અરવિન્દ રચિત ભવાની ભારતી (સંસ્કૃત) અને દુર્ગા સપ્તશતી-તુલનાત્મક અધ્યયન, નામક લેખ નવી ભાત ઉપસાવે છે. ડૉ. મીનાબહેનનાં અન્ય પુસ્તકો 'A study of Taitriya Upanishad' તથા 'સંસ્કૃત ગરબા સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ' અને 'મુગટરામ સ્તવનમંજરી' જે રીતે આવકાર્ય બન્યાં છે તે રીતે પ્રસ્તુત પુસ્તક પણ સાહિત્ય જગતમાં આવકારને પાત્ર થાય એવી શુભેચ્છા.

*

(૨) ઈશ ઉપનિષદ : લેખક - પ્રકાશક : સંપૂર્ણ જીવન ટ્રસ્ટ. ૩૬, અજિતનાથ સોસાયટી, પાણીની ટાંકી પાસે, કારેલીબાગ, વડોદરા - ૩૯૦ ૦૧૮ ફોન : ૦૨૬૫ : ૨૪૬૪૮૫૯. ૧/૮ ડેમી સાઈઝ. પૃષ્ઠ : ૬૨, રંગબેરંગી મુખપૃષ્ઠ. સારા મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ. 'ઉપનિષદનું ગહન સત્ય જ્ઞાન જિજ્ઞાસુઓને સહજ ઉપલબ્ધ થાય એ હેતુપૂર્વક સંપૂર્ણ જીવન ટ્રસ્ટ દ્વારા આ લઘુ પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું છે.'

*

(૩) પવિત્ર ગ્રંથોનું તત્ત્વદર્શન સંપાદક : પ્રો. (ડૉ.) સૂર્યકાન્ત વૈષ્ણવ, પ્રકાશક : લજ્જા પબ્લિકેશન્સ, રજો માળ, સુપર માર્કેટ, દૂધની ડેરીની બાજુમાં રાજેન્દ્ર માર્ગ', નાના બજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦. સંપાદક સંપર્ક : (૦૨૬૯૨) ૨૩૭૪૬૭, મો : ૯૯૭૯૦૦૧૯૪૪ ૧/૮ ડેમી સાઈઝ : પૃષ્ઠ સંખ્યા : ૧૨૮, સુંદર મુખપૃષ્ઠ, સારી બાંધણી, મૂલ્ય રૂા. ૧૫૦/-.

'પવિત્ર ગ્રંથોમાંથી ચયન કરેલા તત્ત્વદર્શનનું આચમન તે આ પુસ્તક'.

'આ પુસ્તકમાં બાઈબલ, કુરાન, શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપરાંત ગુરુ ગ્રંથ સાહેબ, શ્રી અરવિન્દ રચિત મહાકાવ્ય સાવિત્રી, ધમ્મપદ, જૈનધર્મસાર અને જરથુષ્ટ દર્શનના ચૂંટેલાં પ્રેરણાત્મક અવતરણોનો સમાવેશ થયો છે તથા ઈશોપનિષદ અને પૂર્ણયોગનું તત્ત્વદર્શન પણ પ્રગટ થયું છે તે પ્રશંસનીય છે.'

સુંદર સંપાદનકાર્ય માટે ગુજરાતના શ્રી અરવિન્દ પરિવાર તરફથી આપણે શ્રી સૂર્યકાન્તભાઈનું અભિવાદન કરીએ.

પુસ્તકપ્રાપ્તિ માટે રસ ધરાવનાર પ્રકાશકનો સંપર્ક કરે.

*

શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર શાખા તથા ડૉ. વી. આર. ગોઢાણીયા બી.ઍડ. કૉલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૩૧-૭-૨૦૧૭ના રોજ બી.ઍડ.કૉલેજમાં સર્વાંગી શિક્ષણ ઉપર એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.ઍડ.ના તાલીમાર્થીઓ, પ્રાધ્યાપકો, નિયામક ડૉ. ભરડા સાહેબ તથા પ્રિન્સીપાલ ડૉ. હીનાબેન ઓડેદરાએ આ શિબિરનું સફળ સંચાલન કર્યું હતું. શ્રી અરવિન્દ કેન્દ્રના સભ્યો પણ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી હીનાબેન ઓડેદરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને મૂલ્યનિષ્ઠ શિક્ષણની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. નિયામકશ્રી ભરડા સાહેબે સર્વાંગી શિક્ષણની ભૂમિકા સમજાવી હતી. ડૉ. જિજ્ઞેશ પ્રશ્નાણીએ શ્રી અરવિન્દ જીવન-દર્શન વિશે મનનીય પ્રવચન રજૂ કર્યું હતું. ત્યારબાદ શ્રી જ્યોતિબેન થાનકીએ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના યોગમાં શિક્ષણનાં વિવિધ પાસાંઓની વિશદ સમજૂતી આપી હતી. ત્યાર બાદ પ્રશ્નોત્તરી અને પ્રતિભાવોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતે વિદ્યાર્થીઓને પ્રસાદ અને 'સર્વાંગી શિક્ષણ' પુસ્તકની એક નકલ શ્રી હીનાબેન ઓડેદરા તરફથી ભેટ સ્વરૂપે મળી હતી.

શિબિરના ઉત્તરાર્ધમાં શનિવારે ૫મી ઓગસ્ટે ૪૦ જેટલા વિદ્યાર્થીઓ શ્રી અરવિન્દ કેન્દ્ર ભોજેશ્વર પ્લોટ ખાતે ભેગા થયા હતા. વિદ્યાર્થીઓએ સર્વાંગી શિક્ષણ પુસ્તક વાંચી પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. ત્યાર બાદ પોંડિચેરી આશ્રમમાં શિક્ષણ અંગેની ટૂંકી ફિલ્મ ટી.વી. પર દર્શાવવામાં આવી હતી. દસ મિનિટનું ધ્યાન અને પછી પ્રસાદ વિતરણ બાદ શિબિરાર્થીઓ છૂટા પડ્યા હતા. (અહેવાલ : સુલભા દેવપુરકર)

ભૂલસુધાર

જુલાઈ ૨૦૧૭, અંકના મુખપૃષ્ઠ ઉપર ''रसौवेश: તે, (પ્રભુ) સાચે જ આનંદપૂર્ણ છે.'' એમ છપાયું છે તે ''रसो वै स: તે, (પ્રભુ) સાચે જ આનંદસ્વરૂપ છે.'' એ મુજબ વાંચવું.

શ્રી અરવિન્દે પોતાના જ્ઞાનનો એક અંશ જ આપણને આપ્યો છે અને એને પણ કોઈ પણ વ્યક્તિ સમજી શકે એમ નથી. આ છે તફાવત, અહીં (આશ્રમમાં) હોવાનો. આ પાર્થિવ અસ્તિત્વ, જે એક રહસ્ય છે તેના આનંદનાં દ્વાર તેમણે ખોલી આપ્યાં છે. સત્યને એની શુદ્ધતામાં, એની સમગ્રતામાં તેમણે પ્રકટ કરી દીધું છે. તેમણે આપણે માટે ઉદાત્ત આનંદ અને શુદ્ધિકરણ કરતી જ્યોતિનો સંચય કર્યો છે, જેનાથી વાતાવરણ પૂરેપૂરું તરબોળ થઈ ગયું છે. તમે એ વાતાવરણને શ્વસી રહ્યાં છો, તમે એને આત્મસાત્ કરી રહ્યાં છો, આ વિશિષ્ટ વિશેષાધિકાર, જે અન્ય કોઈ જગ્યાએ પ્રાપ્ત નથી, એને તમે અજાણપણે શોષી રહ્યાં છો, આ વાતાવરણને તમારી અંદર ઉતારી રહ્યાં છો, આ વાતાવરણ તે તમારા અસ્તિત્વનો ભાગ બની રહ્યું છે...

આ અખંડ, એવો સૂક્ષ્મ વિવેક એકરૂપે સમાવી રહ્યું છે, એવી કુશળતા એ દર્શાવી રહ્યું છે, જે આપણી અભિવ્યક્તિના સૌન્દર્યને અતિક્રમી જાય છે અને માળખાને ચોક્કસ સ્વરૂપનું પ્રદાન કરે છે, એક એવા સ્વરૂપનું પ્રદાન, જે સ્વરૂપ સૂક્ષ્મતાસભર છે, સમૃદ્ધિસભર છે. અદ્‌ભુત રીતે કંડારાયેલ કોઈ કળાકૃતિનું દર્શન જાણે એ સ્વરૂપ રજૂ કરતું ન હોય ! .... અભિવ્યક્તિની કળામાં એ પૂર્ણતાનું સૂચન કરે છે. શ્રી અરવિન્દે જે કંઈ લખાણ કર્યું છે તેમાં તેઓએ આ વસ્તુઓ પ્રકટ કરી છે અને આ જ સર્વ કંઈ નથી, આટલું જ નહિ, હજુ એમાં એવાં રહસ્યો રહેલાં છે, જે છુપાયેલાં છે. એમાં અજ્ઞાત એવી વસ્તુઓ પણ રહેલી છે, જે એવા લોકો સમક્ષ જ પ્રકટ થશે, જેમને અંતઃસ્ફુરણા પ્રાપ્ત હોય છે. શબ્દ એ શક્તિ છે, સામર્થ્ય છે – એ સર્જન કરે છે. જેવું શબ્દનું ઉચ્ચારણ થાય કે તુર્ત એ એક આંદોલન સર્જે છે, જે આંદોલન રૂપ ધારણ કરે છે. અને એ રૂપ પછી ટકી રહે છે, માત્ર એવા લોકો માટે એ રૂપ ટકી રહેતું હોય છે, જે લોકોએ શ્રી અરવિન્દના શિક્ષણના વ્યવહારૂ અર્થને પોતાના જીવનમાં આત્મસાત્ કરવાનો નિર્ધાર કરેલો હોય છે. એ નિર્ધાર થઈ શકે અતિમાનસ જીવન માટે જરૂરી એવું રૂપાંતર સિદ્ધ કરવા માટેની સાધના તેમ જ પ્રયત્ન કરવાથી.

શ્રી અરવિન્દ

(Blessings of the Grace, pp. 115-16)

(વર્ષ ૦૩ : અંક ૧૦)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.